Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 19 - Issue : 12

September, 2015



જગતમાં આંગળી ચીંધ્યાનું પણ પુણ્ય મળે છે. આપણાથી ન થતું હોય તો જે કોઈ કંઈક કરતું હોય એને મદદરૂપ થઈ પડીએ તોયે કેટલો લાભ થાય ! મદદરૂપ અનેક પ્રકારે થઈ શકાય એમ છે. હૃદયનો સાથ આપવાથી પણ થઈ શકાય. માત્ર એક વખત આપણું જો એ બાબતમાં દિલ થયું તો ઉપાય તો સૂઝ્યા જ કરશે.

- શ્રીમોટા

*'જીવન પગરણ', બી. આ., પૃ. ૧૫૭*



એટોમિક એનર્જી કા પ્લાન્ટ દેખા હૈ આપને ?
શિવલિંગ જેવા આકારનું દેખાય છે. શિવલિંગ એનર્જી કા પ્રતીક હૈ. અણુઓં કે સંઘટન સે એનર્જી-શક્તિ બનતી હૈ. જબ ઉસ કા વિસ્ફોટ હોતા હૈ તો પ્રલય હો જાતા હૈ.

અણુ સે અણુ એક દૂસરે સે જુડકર રહતે હૈ, તબ પૃથ્વી તત્ત્વ બનતા હૈ. મિટ્ટી, પત્થર, પાની- યહ સબ પદાર્થ પરમાણુઓં કે સંયોગ સે હી બને હૈ.

શિવલિંગ ભી ઐસી હી શક્તિ કા પ્રતીક હૈ, જિસ કે વિસ્ફોટ સે ભયાનક પ્રલય હોતા હૈ. એટલા માટે જ આપણે શિવલિંગ ઉપર જલાભિષેક કરીએ છીએ, ચંદન લગાવીએ છીએ.

- સાવલીના સ્વામીજી

*'જિજ્ઞાસુની ડાયરી', બી. આ., પૃ. ૨૪૧*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૧૯ અંક : ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૫

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - 9427554391

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન :** (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,** (૦૭૯)૨૭૫૪૩૬૯૯
* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. આત્મસાક્ષાત્કાર પ્રયોગસાધ્ય છે ................ શ્રીમોટા ૪
૨. પૂજ્ય શ્રીમોટાના અવતરણ વેળાયે ............. કાશીબા ૫
૩. જેવો રાગ તેવું મનનચિંતવન .......................... શ્રીમોટા ૬
૪. કર્મસંસ્કારો અને ભાવ ......................... શ્રીમોટા ૭
૫. 'મોટા' થયા પહેલાં .................. હેમંતકુમાર નીલકંઠ ૮
૬. પૂજ્ય શ્રીમોટા ........................ કરસનદાસ માણેક ૧૦
૭. પૂજ્ય શ્રીમોટા પ્રેરિત આહુતિયજ્ઞ................ નંદુભાઈ ૧૨
૮. મંત્ર ટૂંકો હોવો જોઈએ-શ્રીમાતાજી ... પ્રૉ. જયંતિભાઈ શાહ ૧૪
૯. અમે કર્મ બાંધ્યાં, માટે અમારો દોષ છે ..... શ્રીમદ્ રાજચંદ્ર ૧૬
૧૦.મૌન એટલે મનથી બોલવું બંધ કરવું .... શ્રીઉપાસની બાબા ૧૭
૧૧.મને ત્રાસ તો ન આપો ! ....................... શ્રીમોટા ૨૦
૧૨.વાર્તાલાપ ............................ સ્વામી મુક્તાનંદ ૨૧
૧૩.પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૩) ..... નરહરિ દવે ૨૪
૧૪.સંસારદૃષ્ટિ અને જ્ઞાનદૃષ્ટિ - બે જુદાં છે
................................. રામશંકર મોનજી ભટ્ટ ૨૬

## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના **સ્વજન દંપતી શ્રીમતી ગીતાબહેન - શ્રી કાર્તિકેય અમીન** રહે. ન્યુજર્સી, અમેરિકા તરફથી પૂજ્ય શ્રીમોટાની જન્મ તારીખ ૪, સપ્ટેમ્બર નિમિત્તે હરિભાવના સપ્ટેમ્બરના અંકના પ્રકાશનમાં અમોને સહયોગ અપાયો છે. તે બદલ અમો એમના ઘણા ઘણા આભારી છીએ.

**– સંપાદક**

# (૧) આત્મસાક્ષાત્કાર પ્રયોગસાધ્ય છે

શ્રીમોટા

**શ્રદ્ધા અને બુદ્ધિ વચ્ચે વિરોધ દેખાયા કરે છે, કેમ કે સાધારણ રીતે આપણે શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો ફેર જોતા નથી.** પ્રખ્યાત ગણાતા કેટલાકે અને સંત કહ્યો, તેથી - ફક્ત તેથી જ - ઘણા માણસો તેને પૂજવા મંડી જાય તેનું નામ અંધશ્રદ્ધા. તેથી જ તેમાંના ઘણા, વર્ષોના સમાગમ છતાં, કોરા જ રહે છે. **સાચી શ્રદ્ધાની પારાશીશી પોતાનો જ આંતરવિકાસ, પોતાને જ થતા, વધતા જતા, લાભ અનુભવવાથી જે જામતી જાય એ શ્રદ્ધા.** પૂજ્ય ગાંધીજી ઉપરની 'ગામડિયા'ની શ્રદ્ધા અંધ નથી, સાચી છે, કેમ કે તેઓ પ્રજામાં અને પોતાનામાં પ્રાણ પ્રગટાવવાને પ્રેરે છે, એવા એના અનુભવો છે.

સાચી શ્રદ્ધામાં બુદ્ધિનો ઉપયોગ છે જ અને તે શ્રદ્ધાને વધારવા માટે આત્માનો વિષય મનબુદ્ધિથી પર છે. માટે, ત્યાં બુદ્ધિ ન વપરાય, શ્રદ્ધા જ રખાય, એવી સામાન્ય માન્યતા છે, પણ એ તો મારા નમ્ર મતે અંધશ્રદ્ધા છે. **ભૌતિકશાસ્ત્રની માફક આત્મસાક્ષાત્કાર પણ પ્રયોગસાધ્ય છે,** જો ખરી જિજ્ઞાસા, ખંત, આંતરનિરીક્ષણ, મળેલા સત્યને જીવનમાં ઉતારવા માટે ફના થઈ જવાની શક્તિ વગેરે ઉપકરણો હોય તો. એટલે એમાં પણ અનુભવસિદ્ધ શ્રદ્ધાની જ જરૂર છે, અંધશ્રદ્ધાની નહિ.

પણ ત્યારે બુદ્ધિ અને શ્રદ્ધામાં ફેર શો ? ચૈતન્યશક્તિના આહ્વાનના કે કોઈ સંતની સહાયના લાભ અનુભવાય છતાં તેને કેવળ બુદ્ધિથી તો 'અકસ્માતની પરંપરા' ગણી કાઢી શકાય. यत्र: धूम्रस्तत्र वह्निः (જ્યાં ધુમાડો ત્યાં અગ્નિ) એવા સોએ સો ટકા નિશ્ચિતતાનાં અનુમાનો ઉપર જ વિશ્વાસ, એટલે કેવળ બુદ્ધિથી દોરાવું, પણ આવા સહાયકારી ઘણા અનુભવો થયા પછી તેથી ઊંધા એટલે દેખીતું દુ:ખ અને નુકસાન આપનારા અનુભવો થાય, ત્યારે પણ આગલા અનુભવો સ્મરીને પોતાના પંથને વળગી રહેવું તથા શ્રદ્ધા ઊઠી જાય એ દિશાએ નહિ પણ એવા અનુભવોનું ઊંડું રહસ્ય શોધવા તથા તેનાં કારણો આપણી પોતાની કચાશમાં જ શોધવા બુદ્ધિને વાળવી તેનું નામ શ્રદ્ધા. ત્યારે **બુદ્ધિ ઊંધું સમજાવવા મથે છે, પણ તેને મચક ન આપવી તેનું નામ શ્રદ્ધા.** ગાંધીજીને અનેક વાર ચૈતન્યશક્તિએ મદદ કરી છે, તે અનુભવને આધારે જ તેમની શ્રદ્ધા આટલી અડગ છે અને તે નિરાશ નથી થતા.

કોઈ માનવી ખરું જોતાં કદી કેવળ બુદ્ધિથી દોરાતો નથી. પોતાનાં મંતવ્યો અને વર્તનને તે પોતાની બુદ્ધિ અનુસાર નહિ, પણ પોતાના આંતરસત્ત્વ (Inner Being) પ્રમાણે બહારના અનુભવો ઝીલીને ઘડે છે. આંતરસત્ત્વ એટલે મન, બુદ્ધિ, લાગણી, વાતાવરણ, પૂર્વકર્મો, અંગત સંજોગોની છાપ વગેરે. બુદ્ધિ તો તેને કેવળ યોગ્ય, ન્યાયયુક્ત ઠેરવે છે. બુદ્ધિ જાતે જ આ બધાંને રંગતી અને તેમનાથી રંગાતી હોવાથી અર્ધશુદ્ધ છે. તેથી, **બુદ્ધિ ઉપર જ મદાર રાખનારા સત્યથી એટલા જ વેગળા રહે છે, જેટલા મંદબુદ્ધિ અંધશ્રદ્ધાળુઓ. વળી, એવાઓ સદાય સંશયગ્રસ્ત અને તેથી પ્રાણહીન રહેવાનો પૂરો સંભવ છે.** તેથી, સાચી શ્રદ્ધાને મદદ કરે એવા માણસને ઘડવામાં બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ, એટલે આધ્યાત્મિક ક્ષેત્રમાં બુદ્ધિની ઘણી જરૂર છે.

'જીવનપ્રેરણા', ૩જી આ. પૃ. ૫ ❑

## (૨) પૂજ્ય શ્રીમોટાના અવતરણ વેળાયે... 

કાશીબા

[ગં.સ્વ. કાશીબા પૂજ્ય શ્રીમોટાનાં વડીલ ભાભી થાય. એમણે પૂજ્ય શ્રીમોટાના જન્મનો પ્રસંગ ટાંક્યો છે. પૂજ્ય શ્રીમોટાના જન્મ વખતે એ તો પરણીને સાસરે પણ નહોતાં આવ્યાં. પરંતુ સાસુ સૂરજબાએ એમને પાછળથી એ પ્રસંગ અનેકવાર કહેલો.]

પૂજ્ય મોટાની માતાનું નામ સૂરજબા અને પિતાનું નામ આશારામ. સૂરજબાનું પિયર સાવલી પાસે સોખડા કરીને ગામમાં હતું. ત્યાં સૂરજબા સુવાવડ પ્રસંગે સાવલીથી સોખડા ગયાં હતાં. છેલ્લા દિવસો જતા હતા અને મોટાના જન્મને પંદરેક દિવસની વાર હતી.

આ અરસામાં સાવલીમાં પ્લેગ ફાટી નીકળ્યો. આ પ્લેગની અંદર સૂરજબાની સાસુનું મૃત્યુ થયું. ત્યાં સૂરજબાની સાસુની સ્મશાન વિધિ પૂરી થયા પછી એક ભાઈ સૂરજબાને સમાચાર આપવા સોખડા ગયા. પેલા ભાઈને જોતાંવેંત સૂરજબા ઘેર ચાર વર્ષનો નાનો દીકરો મૂકીને આવેલાં તેને ઉદ્દેશીને પેલા ભાઈને પૂછ્યું, 'કેમ ભાઈ, મારો જમનો સારો છે ને ?' પેલા ભાઈએ કહ્યું, 'હા, પણ બહેન તારે નાહવાનું છે.' સૂરજબાને ધ્રાસકો પડ્યો અને પૂછ્યું, 'કોનું નાહવાનું છે ?' 'તારા ઘરનું છે. તારાં સાસુ પ્લેગમાં ગુજરી ગયાં.' ભાઈએ જવાબ આપ્યો. સૂરજબાએ નહાઈ ધોઈને સાવલી જવાની તૈયારી કરી. ત્યારે હાલની જેમ મોટર-ગાડી કે એવું કાંઈ સાધન નહીં. એક બાજુ સખત વરસાદ !! પૂજ્ય મોટાનો આજ કાલમાં જન્મ થવાનો. આ બધી પરિસ્થિતિમાં સૂરજબાએ હઠ પકડી કે ના મારે તો ઘેર, સાવલી જવું જ છે.

વરસતા વરસાદમાં જવાનું. નદીમાં પૂર આવેલું. એ જમાનામાં ગોળી વડે નદી પાર કરાવે તે રીતે નદી પાર કરવાની. ગોળીથી નદી પાર કરાવે તે ભાઈએ તો આવી પરિસ્થિતિમાં સૂરજબાને નદી પાર કરાવવાની ના પાડી. સૂરજબા તો ઘણું રડે. ના છૂટકે પેલા ગોળીવાળાને દયા આવી. તેણે ગોળીની અંદર પાંચ નાળિયેર વગેરે મુકાવ્યું અને સૂરજબાને ગોળી વાટે નદી પાર કરાવી અને વડોદરા આવ્યાં. ત્યાંથી ગાડા મારફતે સાવલી આવી પહોંચ્યા.

આ પછી થોડા દિવસ થયા અને પૂજ્ય મોટાના પિતા આશારામના નાનાભાઈ હતા, તેમનાં પત્નીને પણ પ્લેગ થયો અને તે પણ ગુજરી ગયાં. આ રીતે આ કુટુંબ ઉપર એકાએક દુઃખ આવી પડ્યું. આ બધાંનું બારમું કર્યું. તે બારમાના દિવસે બધાંને જમાડ્યાં.

પછી સૂરજબાએ, રસોઈયો મહારાજ હતો તેને પૂછ્યું, 'કેમ મહારાજ, હવે કોઈ બાકી છે ?' મહારાજ કહે 'હા, એક વિદ્યાર્થી બાકી છે.' પેલા વિદ્યાર્થીને જમવા બોલાવ્યો. તે વિદ્યાર્થી કહે, 'હું અહીં નહીં જમું.' મહારાજે કહ્યું, 'તું અહીં ના જમે તો ઘેર લઈ જા.' આ વિદ્યાર્થી ભોજનની થાળી લઈને પગથિયાં ઉતરે છે તે ટાણે સંધ્યા કાળે રામજી મંદિરમાં આરતી થતી હતી, તે વખતે પૂજ્ય મોટાનો જન્મ થયો.

**(અનુસંધાન પાન નં. ૨૩ ઉપર)**

## (૩) જેવો રાગ તેવું મનનચિંતવન

**શ્રીમોટા**

જીવ ક્યાં લપટાયો છે તેની પારખવાની એક રીત એ કે એકની એક બાબતના જેના જેના વિચારો વારંવાર આવ્યા કરતા હોય, તેમાં તેમાં જીવ લપટાયેલો છે, એમ સમજવું.

**જેવા પ્રકારના વિષયમાં મન ચોંટે છે તેવા પ્રકારનું મન બને છે.** એટલે મનનો ચોંટવાનો વિષય કોઈ ઉચ્ચ આત્મા હોય અને તેમાં ઘણી લાગણી જન્મતી હોય તો તે આસક્તિ નથી. **જેવા પ્રકારનો રાગ તેવા પ્રકારનું મનનચિંતવન.** જો આપણું મનનચિંતવન ઊંચા પ્રકારનું થતું રહેતું આપણે અનુભવીએ, તો તેવા પ્રકારનો રાગ જીવને ઊંચે લઈ જાય.

ઘણા સંતભક્તોએ ભગવાનને એનાં ચરણ-કમળમાં, હૃદયથી હૃદયને આસક્ત બનાવવા કાજે પ્રાર્થના કરેલી છે. **'ચરણકમળની આસક્તિ' એ તો વૈષ્ણવ સંપ્રદાયની એક લાક્ષણિક સાધના છે.** એવા ઉચ્ચ પ્રકારની 'આસક્તિ' એ તો ત્યાં આસક્તિ શબ્દ છે એટલું જ માત્ર, બાકી આસક્તિનો જે પ્રચલિત અર્થ છે, તે અર્થ ત્યાં ગણવાનો નથી.

મૂળ અર્થ તો આસક્ત એટલે ચોંટી ગયેલું. એટલે મન, લાગણી, વૃત્તિ, ભાવના આદિ કાં તો જીવ સ્વભાવના વિષયમાં ચોંટી જાય કે આત્માના વિષયમાં ચોંટી જાય. હવે જો કોઈ સંતાત્મામાં જીવતીજાગતી જ્ઞાનપૂર્વકની ભાવના અને લાગણી ઘણી ઘણી જન્મે અને તેમાં આસક્તિ પામે તો આપણું મન પણ તેવા પ્રકારનું બને.

આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર ઉચ્ચ આત્મામાં-સંતાત્મામાં ખરેખરી રીતે અને પૂરેપૂરી આસક્તિ પામ્યાં છે કે કેમ તે આપણે સમતા અને તટસ્થાપૂર્વક પૂરેપૂરું સમજવાનું છે, નહિતર તો અજ્ઞાનમાં અને ભ્રમણામાં આપણે પડી જઈશું. બીજું એ સમજવાનું છે કે જેનામાં મન, વૃત્તિ, લાગણી, ભાવના વગેરે આસક્તિ પામે તે ખરેખરા સંતાત્મા છે કે કેમ તે પણ હૃદયથી જાણવાનું રહે છે.

સંતાત્માની આપણને શી પરખ હોય ? પરંતુ જેના વિશે આપણા મનમાં સંપૂર્ણ ખાતરી અને ભરોસો હોય અને જેના વિશે શ્રદ્ધાવિશ્વાસ પૂરેપૂરાં પાકાં થયેલાં હોય અને જેની બાબતમાં મન કશી સગડગ ન અનુભવતું હોય અને તેનાથી કરીને આપણે સતત ઊર્ધ્વગામી થયા કરતાં હોઈએ અને આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ જીવનના ધ્યેયના ચિંતવનમાં સતત રચનાત્મકપણે વહ્યા કરતાં હોય, તો તેવો જીવાત્મા જગતના ઈતર જનોના ખ્યાલમાં ભલે ન હોય, ખ્યાતિમાં ન હોય કે બીજા કોઈ તેને સંતાત્મા ન ગણી શકતા હોય, પણ આપણે મન તો તે જરૂર સંતાત્મા છે.

આપણો પ્રાણ અનેક સ્થળોમાં, કંઈ કંઈ જીવોમાં રાગ, મોહ, મમતા, આસક્તિમાં લપટાવાની તૈયારીમાં પડે છે, તો સ્થૂળ રીતે નહિ તો સૂક્ષ્મ રીતે આપણો જીવ ક્યાં લપટાયો છે અને તે પારખવાની શી રીત છે એવા પ્રશ્નના જવાબમાં આટલી ઉપર જણાવેલી સ્પષ્ટતા કરી છે...

અમે સાચું કહીએ છીએ કે અમને અનેક તરફથી ઘણો ત્રાસ થાય છે. માટે જે કંઈ કરીએ, બોલીએ કે વિચારીએ તેનો પૂરેપૂરો અર્થ સમજીને બોલીએ તો તે યોગ્ય ગણાય.

'જીવન મંડાણ', ચોથી આ., પૃ. ૧૨૯ ❑

## (૪) કર્મસંસ્કારો અને ભાવ

શ્રીમોટા

અનેક જન્મના સંસ્કારો આપણા સૂક્ષ્મ શરીરમાં હોય છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ આપણા શરીરનું બીઈંગ (હોવાપણું)—સૂક્ષ્મમાં સૂક્ષ્મ બીઈંગ છે. એ નાનામાં નાનું—ઍટમથીય નાનું છે. એને અંગુષ્ઠ પ્રમાણ કહ્યું છે. એ માત્ર લંબાઈવાળું છે. એને થિકનેસ (જાડાઈ) નથી. તેની અંદર આ બધા સંસ્કારો હોય છે.

આપણા સ્થૂળ શરીરની પ્રવૃત્તિ પાછળ કોઈ ધ્યેય ન હોય તો જેમ આપણે ગમે તેમ રખડીએ છીએ, તેમ સૂક્ષ્મ શરીર જે આપણામાંથી મૃત્યુ સમયે નીકળે છે, તે પણ ગમે તેમ રખડે છે. આપણે જીવતા જાગતા ભલે બધું કામ કરતાં હોઈએ, પણ આપણે રખડીએ છીએ એમ ગણાય, કારણ કે આપણે ધ્યેય વગરના છીએ. કોઈનું અપમાન કરવાનો મારો હેતુ નથી. મારો હેતુ તો સમજાવવાનો છે. આપણી પાસે કોઈ ધ્યેય નથી કે જીવન શા માટે મળ્યું છે. એટલે માત્ર પ્રવૃત્તિ કરવા ખાતર અને એ કર્યા વિના આપણને ચાલે તેમ નથી. કરવું જ પડે તેમ છે એટલે કરીએ છીએ. એ જે પ્રવૃત્તિ કરે છે, એની પાછળ તેનો હેતુ નથી. એટલે તેનું ફળ મળતું નથી. ફળમાત્ર સંસ્કાર હોય છે. એટલે એ સંસ્કાર પાછા એ જાતના ગાઢ — એ જ જાતના હેતુ વિનાના છે. આપણે આ જે કર્મ કર્યાં અને જે સંસ્કારો થયા એ આપણા ચિત્તમાં પડે છે. એ સંસ્કાર અત્યારે ને અત્યારે ફલિત થાય એના કરતાં એ સંસ્કાર પછીના જન્મમાં વધારે ગાઢ થવાના, અને પાછા તે જ પ્રકારનાં કર્મમાં આપણને વધારે ગાઢ રીતે સાંકળી દેવાના. એટલે સત્પુરુષોએ એમ કહ્યું કે એ સંસ્કારને તમારા ચિત્તમાં પડવા જ ના દેવા. એ બહાર નીકળી જાય તેવું કરજો. દા.ત. એક વિચાર આવ્યો કે મારે આમ કરવું છે, તો એ બહાર નીકળી જાય તેવું કરજો. એટલે ખલાસ, કારણ કે આપણે જીવ છીએ. આ વાત જરા એવી છે કે કોઈના મગજમાં ન ઊતરે, પણ વાત સાચી છે.

આપણે માણસ છીએ. એટલે આપણને સારા વિચાર પણ આવશે અને ખરાબ વિચાર પણ આવશે. એની કોઈ ના નહિ પાડી શકે. માણસ છીએ એટલે આપણને સદ્‌વિચાર આવશે અને અસદ્‌વિચાર પણ આવશે, ત્યારે તે સંસ્કાર સંઘરવા નથી એ વાત તો ચોક્કસ. આપણે નિઃસ્પૃહી છીએ. એટલે જે વિચાર આવે તેનો અમલ કરી દેવો. બીજા સમજે કે ના સમજે તેની આપણને દરકાર નથી. હવે તેમ કરતાં બીજો વિચાર આવે કે એ તમે કરો તો એના સંસ્કાર આવ્યા કે નહિ ? હવે આપણું ચિત્ત આકાશ જેવું નિર્મળ થયેલું નથી. એટલે એ સંસ્કાર પણ પડ્યા, તો એ સંસ્કાર ક્યાં જવાના ? અને કેવી રીતે એને તમે કાઢવાના ? એટલે એ વિશે આપણા લોકોએ (સત્પુરુષોએ) વિચાર કર્યો કે સકળ કર્મ કરતાં કરતાં ભગવાનના ભાવમાં રહો. પ્રભુનું સ્મરણ કરો કે ગમે તે ઉપાય લ્યો, પણ ભગવાનના ભાવમાં રહો.

ભગવાનનો ભાવ એટલે શું ? તો ભાવ, સત્ત્વ, રજસ અને તમસથી પર છે. ભાવમાં કોઈ જાતનું બંધન નથી. કર્મ કરતી વખતે તમે સંપૂર્ણ ભાવમાં રહ્યા તો કોઈ નવો સંસ્કાર તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે. ગમે તેવું હોય — કોઈ પણ સંસ્કાર — તે તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે. ભાવ જો ત્યાં આગળ સ્થિર થઈને જીવતો જાગતો ચેતનાત્મક રહ્યો, તો ત્યાં આગળ કોઈ ગુણનો પ્રવેશ નથી, કેમ કે ભાવ પ્રકૃતિથી પર છે. એટલે આપણા લોકોએ કહ્યું કે આપણામાં આ ભાવ કેળવાય તો આ બધું કરવા છતાં, આ સંસાર ભોગવવા છતાં પણ તે તમને લાગશે નહિ. એટલે કે તેના સંસ્કાર પડશે નહિ. માટે ભાવ કેળવો.

'એકીકરણ-સમીકરણ', પ્ર.આ., પૃ. ૯૦ ❑

## (૫) 'મોટા' થયા પહેલાં

હેમંતકુમાર નીલકંઠ

પૂજ્ય મોટાની સાથે મારો પહેલવહેલો સંપર્ક ૧૯૨૬માં હું અંત્યજ સેવામંડળમાં જોડાયો તે પછી થયો. તે વખતે મંડળના સભ્યો ત્રણ વરસ સેવા કરવાની પ્રતિજ્ઞા લેતા હતા. પણ મોટાએ આવી પ્રતિજ્ઞા નહોતી લીધી, તેમ છતાં એમની સેવા પરાયણતા તથા શાળા સંચાલક તરીકેની કુશળતાને કારણે મોટાને ઔપચારિક સભ્ય ગણવામાં આવતા.

અંત્યજ સેવામંડળની સભા કેટલીક વાર એમના ઘરમાં જ મળતી. તેઓ સભાનો અહેવાલ પણ લખતા. 'સભા' એટલે દસેક માણસો. બધા તેમને ત્યાં જ જમતા. પૂજ્ય ઠક્કરબાપા પણ ત્યાં આવતા. ઠક્કરબાપાએ એક વખતે મોટાની બા સૂરજબાને કહેલું કે ચુનીલાલ હવે તો મોટો થયો છે એટલે એને ચુનીલાલ કહોને ! પણ બાને જીભે ચઢેલો એ વહાલસોયો શબ્દ !! 'ચુનિયા'ના નામથી જ બોલાવતા.

મોટાની ભક્તિપરાયણતાનો પહેલો ખ્યાલ મને સાબરમતી જેલમાં ૧૯૩૦ની સાલમાં આવ્યો હતો. એમના હોઠ હાલ્યા કરે. શબ્દ સંભળાય નહિ. પણ વાતચીત દરમ્યાન એમનું બોલવું પૂરું થાય કે પાછા હોઠ હાલતા દેખાય. 'તમે શું બોલ્યા કરો છો ?' એમ મેં તેમને પૂછ્યું હતું. એકાદ બે વાર તો એમણે વાત આડે પાટે ચઢાવી દઈને જવાબ ઉડાવી દીધો હતો. પણ મેં ફરી પાછું પૂછ્યું એટલે કહેલું કે 'જપ કરું છું.' બીજો સવાલ કુદરતી જ ઊઠે ને તેના જવાબમાં જાણ્યું કે તેઓ 'હરિઃૐ'નો જપ કરે છે. મને પણ મન થયું જપ કરવાનું પણ એ ક્યાં સુધી ટકે ?

બોદાલ હરિજન આશ્રમનું સંચાલન અમે બે કરીએ એમ અંત્યજ સેવામંડળની સભાએ ઠરાવ્યું, પણ આશ્રમના વ્યવસ્થાપક કોણ થાય તે પ્રશ્ન ઊભો થયો. અંત્યજ સેવામાં તેઓ મારા કરતાં ઘણા વધારે સીનિયર, પણ મને વ્યવસ્થાપક થવાનું કહ્યું. તેઓ ભક્તિપરાયણ એટલે આશ્રમની સવાર-સાંજની પ્રાર્થના એમણે જ કરાવવી એવા મારા સૂચનનો એમણે સ્વીકાર કરેલો.

અમારા બોદાલના સહવાસ દરમ્યાન એમની સમાધિનાં પ્રથમ દર્શન સને ૧૯૩૧માં મને થયાં હતાં. આખા દિવસના ભારે પરિશ્રમ બાદ પણ રાત્રે જાગીને આશ્રમના ચોગાનમાં કે બહાર ભીંતે અઢેલીને એ ધ્યાન ધરે છે એમ કોઈ વાર જાગી જતાં મેં જોયું હતું. એક વાર અમે બન્ને બોરસદ ગયા હતા. ત્યાંના એક સાર્વજનિક દવાખાનાના ડૉક્ટર મોટાને ઓળખતા હતા. તેઓએ કહેલું કે, આ ભગતને ભજન ગાતા સાંભળ્યા છે ? આંખમાંથી દડદડ આંસુ ખરે છે !...

સને ૧૯૩૭માં હું ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષક હતો. સામાન્ય રસોડાનું ખાવાનું મને રુચતું ને પચતું ન હતું. મારું શરીર પણ નબળું ને ઊંડું માનસિક ઘર્ષણ પણ હશે. એક દિવસ હું ગમગીનીમાં પડ્યો હતો. ચૂનીભાઈ

આવ્યા. મને કહે, 'ચાલો, મારે ત્યાં (સાબરમતી હરિજન આશ્રમમાં) રહેજો અને જમજો મારે ઘેર.' મને સરસ ઓરડી મળી ને જમવાનું મોટાના ત્યાં રાખ્યું. બા અને કાશીબા (મોટાના મોટાભાઈનાં વિધવા)ની પ્રેમભરી સંભાળ ભુલાય એમ નથી. પણ સૌથી મહત્ત્વની હકીકત એ છે કે ઘરની આવક એટલી બધી ઓછી કે ઘરમાંનું કોઈ જ દૂધ પીતું ન હતું અને છતાં મોટાએ મને તો દૂધ આપવાનું રાખ્યું હતું ને હું નિરાંતે પીતો પણ ખરો.

આમ, કુટુંબનો નિભાવ ઘણી કરકસર થાય ત્યારે જ થઈ શકે એવી સ્થિતિ હતી. મોટાનું સ્થાન કે પદ જોઈએ તો પરીક્ષિતભાઈની તદ્દન સમાન કક્ષાના હરિજન સેવાસંઘના મંત્રીનું. હરિજન સેવકસંઘ તો સદાય પૈસાની તંગીમાં જીવતી સંસ્થા. મોટાએ એ સંસ્થાને મદદ કરવાનું વિચાર્યું. પાડોશમાં રહેતા શ્રી રતિલાલ શેઠનાં સંતાનોને ભણાવવાનું રાખ્યું. ૩૫ રૂપિયાનો પગાર અને એ બધો પગાર સંઘની તિજોરીમાં જમા કરાવતા.

મોટાનું વર્તન એટલું બધું આત્મવિલોપનવાળું કે એમની સાથે જ રાતદિવસ રહેતા અમે ત્રણ આશ્રમના ઓટલે સાથે સૂતા. મને કેટલાંય વર્ષો પછી ૧૯૪૬માં ખબર પડી કે મોટા પરીક્ષિતભાઈની તદ્દન સમકક્ષાના મંત્રી હતા, ને એવો ઠરાવ પણ સભાએ કર્યો હતો. હું તો એમને માત્ર મદદનીશ જ સમજતો હતો. એમનો વર્તાવ પણ મદદનીશ હોય તેવો જ હતો. એક વખત આશ્રમના એક ભાઈએ ચીડાઈને, મોટાને કહેલું કે, 'તમે તો ગધેડા છો !' મોટાએ એ પ્રસંગનું નિવારણ કરતાં કહેલું કે, **'હા. હું ખરેખર ગધેડો જ છું. કેમ કે હું ભગવાનને ભૂલ્યો છું.'** -એવા ભાવનું કાવ્ય લખીને પેલા ભાઈને આપેલું. 'પુનિત પ્રેમગાથા'માં એ છપાયું છે એમ ખ્યાલ છે.

આશ્રમની જમીનનું ધોવાણ સાબરમતી નદી વધારે ન કરે એટલે ઈંટ-સીમેન્ટની દિવાલ જેવું બનાવીને એક નાનું સરખું સપાટ મેદાન અમે કરેલું. સને ૧૯૪૦માં હરિજન સંઘમાંથી મોટા નિવૃત્ત થયા બાદ અમે કેટલીક વાર આ જગ્યાએ જેને અમે ચોપાટી કહેતા, ત્યાં સાંજે બેસતા. ત્યાં એકાંત અને શાંતિ અમે અનુભવતા. મને યાદ છે કે એક વાર મેં એમને કહેલું કે, 'તમને જોઈને મને ઈશ્વરનું સ્મરણ થાય છે.' એમણે જવાબ આપ્યો હતો કે, 'તો તો બહુ સારુ.'

મને એમની બે વસ્તુઓ નહોતી રુચતી. એમના હાથમાં કોઈ નવલકથા, કોઈ ધાર્મિક પુસ્તક, કે કોઈ પેપર જોવું કે રાજનીતિ કે સમાજસેવાના વિષયોમાં ચર્ચા કરતા સાંભળવા. એમની આ વૃત્તિને 'કૂપમંડૂક'ની વૃત્તિ કહીને મેં ટકોર્યા પણ છે. આજે હવે સમજાય છે કે કોઈ વૈજ્ઞાનિક પોતાની મનગમતી શોધ પાછળ જેમ મશગૂલ થાય છે એવી એમની સ્થિતિ હતી.

એમની બીજી મને ન ગમતી વાત હતી એમનું 'બાઘાપણું'. આશ્રમની હરિજન કન્યાઓ એમની હાંસી ઉડાવતા ત્યારે હું કહેતો કે આ લોકો તમને બનાવે છે. પણ હવે હું કહું છું કે તેઓ 'બનતા' અને તે પણ 'જ્ઞાનપૂર્વક'.

**(અનુસંધાન પાન નં. ૧૩ ઉપર)**

# (૬) પૂજ્ય શ્રીમોટા

**કરસનદાસ માણેક**

પૂજ્ય શ્રીમોટા વિષે એક પુસ્તક લખવું સહેલું માનત પણ એમના વિષે લેખ લખવો મારા માટે મુશ્કેલ છે.

સને ૧૯૨૧માં સ્નાતકના અભ્યાસ માટે હું કરાંચીથી અમદાવાદ આવી ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયો. અહીં ચૂનીભાઈ 'ભાષા' વિભાગના વિદ્યાર્થી અને હું આર્ય વિદ્યાનો. વિદ્યાપીઠમાં જોડાયા પછી જે થોડાક વિદ્યાર્થીઓ સાથે મારે સ્નેહની ગાંઠ બંધાઈ ગઈ તેમાં 'ભગત' પણ હતા. એ વખતે અમે ચૂનીભાઈને 'ભગત' નામે ઓળખતા.

ચૂનીભાઈ પહેલેથી જ ભક્તિ પરાયણ વિદ્યાર્થી હતા. હૃદય એમની રાજધાની હતી. સાબરમતીના કાંઠે સૌ સૂઈ જાય પછી અમારી કવિતા મંડળી જામતી. એ નિશા-સંસદોમાં પણ ચૂનીભાઈ અને હું તો ખરા જ.

ચૂનીભાઈની લેખનપ્રવૃત્તિ તે વખતે પણ તેમની અધ્યાત્મ સાધનાના એક ભાગ સમી હતી. ઉદ્બોધન કોઈ અન્યને હોય એવો આભાસ જરૂર ઉપજતો, પણ પ્રબોધન પોતાની જાતને હતું ! અને સંશોધન આત્માનું જ કરવાનું હતું ! એ કશાકની શોધમાં હતા. ખ્યાતિની નહિ. મોજશોખની તો નહિ જ નહિ. તીવ્ર તપશ્ચર્યા, આંખોમાં ઋજુતા, વર્તન-વાણી-વિચાર-આચારની સંવાદિતા- એવું ઘણું ઘણું એમનામાં અમને જણાતું.

૧૯૨૩માં વિદ્યાપીઠ મૂકીને હું કરાંચી પાછો આવ્યો. પણ ભગતનાં સંભારણાં બધીયે ઋતુઓમાં એક સરખા ખુશબો ફેલાવતાં એવાં ને એવાં જ તાજાં રહ્યાં. ફરી વાર ભગત મારી જીવનધરાની ઠીક ઠીક નજીક આવ્યા.

સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીની કરાંચી શાખાના મેનેજર શ્રી પ્રિયવદન મહેતા (નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાના જમાઈ)ના આમંત્રણથી ચૂનીભાઈ એમની સાથે રહેવા કરાંચી આવ્યા. શ્રી મહેતાની પુત્રીઓ ચિત્રા અને કુરંગી શાંતિનિકેતનમાં ગુરુદેવની અને કરાંચીમાં ચૂનીભાઈ ભગતની સ્નિગ્ધ-સૌમ્ય છાયામાં ઉછરી હતી.

પ્રિયંવદન મહેતા જ્યારે ચૂનીભાઈ વિષે મારી પાસે વાત કરતા, ત્યારે કોઈ મધ્યયુગીન સાધક પોતાના અધ્યાત્મ ગુરુની સ્તુતિ ઉચ્ચારી રહ્યો હોય એમ મને લાગતું. મને થતું કે ક્યાં લાખોનો વહીવટ કરતો આ વ્યવહારકુશળ અમલદાર અને ક્યાં આ ઊર્મિલ, આર્દ્રહૃદય, કરુણાસભર, ભક્તિનીતરતો, અકિંચન અધ્યાત્મવીર !

કરાંચીનો વસવાટ એ ચૂનીભાઈની અધ્યાત્મ સાધનાનો ઉત્તરકાંડ હતો કરાંચીમાં લાખોપતિઓ ગુજરાતી વેપારીઓ અને તેમના વાણોતરો જ નહોતા વસતા પણ 'શૂળી દિયે છે સાદ, પ્રેમી હોય તે પૂગજો' એવું લલકારનારા અને એ જ ધોરણે જીવનારા સૂફીઓ અને મસ્ત કલંદરો પણ હતા. ચૂનીભાઈ એવાઓની શોધમાં હતા.

૧૯૪૦માં હું મુંબઈ આવ્યો. 'જન્મભૂમિ'ના તંત્રીમંડળમાં જોડાયો. અમારી ઑફિસમાં એકાએક ચૂનીભાઈ પ્રગટ થાય છે. 'અરે અહીં ક્યાંથી ?' એવા મારા પ્રશ્નના જવાબમાં તેઓએ કહ્યું કે હરિજનકાર્ય માટે પૈસા ભેળા કરવા આવ્યો છું, ઠક્કરબાપાનું કામ છે. પરીક્ષિતલાલ એકલા

બિચારા કેટલું તાણે ! મારે એમની પડખે ઊભા રહેવું જોઈએ ને ?

સાચી વાત છે. હરિજનો એ તો એમનો પહેલો પ્રેમ ! હરિજનો અને આદિવાસીઓ ! સેવા એ તો એમનું પહેલું બિરુદ. હૃદય એમની પહેલી રાજધાની.

શ્રી સૂબેદાર, કિશોરભાઈ મશરૂવાળા, ભિક્ષુ અખંડાનંદ અને પ્રકાશાનંદજી-એમને જ્યારે ખબર પડી કે હું ચૂનીભાઈને ઓળખું છું, ત્યારે મારા તરફનો એ બધાનો સદ્‌ભાવ વધી ગયો. અમે જ્યારે મળીએ ત્યારે ચૂનીભાઈ જ અમારી વાતોનું મધ્યબિંદુ હોય. હવે એ પૂજ્ય મોટા તરીકે ઠીક ઠીક ઓળખાતા થયા હતા અને સૌથી વધુ નોંધપાત્ર એ હતું કે એમની સત્ પ્રવૃત્તિઓ માટે એમને જોઈએ તે કરતાં વધારે પૈસા એમને આગ્રહ કરી કરીને આપનારાઓની સંખ્યા પણ હવે વધી ગઈ હતી.

આ જ અરસામાં ચૂનીભાઈના બે પ્રીતિભાજન હૃદયોના પરિચયમાં હું આવ્યો. ભાઈ હેમંતકુમાર તો ચૂનીભાઈના ગોપી જેવા. દિવસ-રાત એક જ વાત. 'મોટા ! મોટા ! મોટા !' એ મોટામય હતા. પરોક્ષ પરિચય થયો નંદુભાઈનો. ૧૯૫૩માં મેં 'નચિકેતા' મેગેઝીન શરૂ કર્યું. તે વખતે નંદુભાઈ મદ્રાસ બાજુ હતા. તેમની હૂંફ મને શરૂઆતથી જ મળવા માંડી. હેમંતકુમારની નાત ઊર્મિપ્રધાન આશકોની. જ્યારે નંદુભાઈ તો વ્યાપારી ક્ષેત્રના કુશળ કૃષિવલ ! આવી ભિન્ન ભિન્ન પ્રકૃતિઓના સાધકો ઉપર એક સરખું કામણ કરનાર શક્તિ વિષે કેટલો આદર ઊપજે !

હવે તો ચૂનીભાઈને પૂજ્ય શ્રીમોટા તરીકે આખું ગુજરાત ઓળખે છે. ઉચ્ચતમ અધિકારનાં આસનો ઉપર બેઠેલા અધિકારીઓ, વૈભવના ગિરિશૃંગો પર વસતા કુબેરોમાંથી કોઈ કોઈને જ્યારે મળવાનું થાય છે ત્યારે કોણ જાણે કેવી યે રીતે વાતોનો પ્રવાહ મોટાની દિશામાં વહેવા માંડે છે અને એમને જ્યારે ખબર પડે છે કે હું મોટાને એમના કૉલેજના વખતથી જાણું છું ત્યારે એમનાં નેણાં અને વેણાંમાં જે પલટો આવી જાય છે તે જોઈને મારું અંતર પુલકિત થઈ ઊઠે છે ! કદી હરિજન આશ્રમમાં, તો કદીક વલ્લભ-વિદ્યાનગરમાં, કદીક ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિને આંગણે તો કદીક અખંડાનંદ હૉલમાં, કદીક અમદાવાદમાં તો કદીક મુંબઈમાં-જનકલ્યાણની નવી નવી અનેક યોજનાઓને વિચારતા, અપનાવતા, અમલમાં મૂકતા આ અવધૂતને જોઉં છું ત્યારે સરસ્વતીચંદ્રના સ્વપ્નદ્રષ્ટા ગોવર્ધનરામ ત્રિપાઠીની અદ્યતન સંન્યાસીની શોધ આખરે ફળીભૂત થઈ છે એમ લાગે છે.

'અવધૂત'નો ઉલ્લેખ થતાં બીજા અવધૂતની સાથેના પ્રસંગની વાતથી આ લેખ પૂરો કરીએ.

પૂજ્ય રંગ અવધૂતને મળ્યો ત્યારે એમનું ઘણુંખરું સાહિત્ય વાંચી ગયો હતો. એમને પ્રત્યક્ષ મળવાનું થતાં સ્વાભાવિક રીતે પૂજ્ય શ્રીમોટાની વાત નીકળી, 'તમે ચૂનીભાઈને ઓળખો છો ?' અવધૂતના અંતરમાંથી અનાયાસ ઉદ્‌ગાર નીકળ્યા અને તેમના ચહેરા ઉપર જે અનેરી ચમક આવી તે જોઈને હું તો આનંદની એક અદ્‌ભુત પુલકાવલી જ બની રહ્યો અને પળભર તો મને થયું કે 'ચાલો, હરિમંદિરની પ્રવેશપાત્રતા નક્કી કરવા માટે પરીક્ષક મહાશય, 'પૂજ્ય મોટાને તમે ઓળખો છો ?' એવા કોઈ ઉદ્‌ગાર સાથે બે પાંચ માર્ક્સ વધારે જ આપી દેશે !'

પૂજ્ય શ્રીમોટા હીરક મહોત્સવ સ્મૃતિગ્રંથ સપ્ટે. ૧૯૬૮
પૃ. ૧૫૮ સાભાર ❑

## (૭) પૂજ્ય શ્રીમોટા પ્રેરિત આહુતિયજ્ઞ

નંદુભાઈ

પૂજ્ય શ્રીમોટાએ કેટલાંક વર્ષો પહેલાં નરોડાના હરિઃૐ આશ્રમમાં એક યજ્ઞ કરાવ્યો હતો. તેમાં કોઈ પણ ભાગ લઈ શકે એવી મોકળાશ હતી. સ્ત્રી, પુરુષ, બ્રાહ્મણ, હરિજન, પારસી, ખ્રિસ્તી, વિદ્વાન, અભણ વગેરે સર્વ કોઈ પ્રત્યક્ષ ભાગ લઈ શકે એવી વ્યવસ્થા હતી.

આ યજ્ઞમાં દિનરાત, ચોવીસે કલાક સતત એક શ્લોક બોલીને (થોડા જવ-તલ હોમીને) શ્લોકને અંતે આહુતિ આપવાની હતી. **વ્યક્તિની અંદર જ રહેલી નિમ્ન વૃત્તિઓની આહુતિ આપવાની હતી. એવો ભાવ અનુભવવાનો હતો.** પ્રભુને પ્રાર્થી પ્રાર્થીને આહુતિ આપતાં વ્યક્તિ જીવનવિકાસના માર્ગે થોડાંક પણ ડગ આગળ માંડી શકે એ હેતુ મુખ્ય હતો.

મોટાએ આવો અણદીઠો કે સાંભળવામાં આવ્યો ન હોય એવો યજ્ઞ શરૂ કરાવ્યો. જેમાં કશો જ આર્થિક ખર્ચ નહિ, ભભકો કે આડંબર નહિ. યજ્ઞમાં પાટલે બેસનાર વ્યક્તિ પોતાની નિમ્ન વૃત્તિઓને હોમી હોમીને જીવનને ઉન્મુખી બનાવવાની ભાવના હતી.

યજ્ઞમાં બોલવાનો શ્લોક પણ ગુજરાતીમાં હતો. સામાન્ય રીતે શ્લોક સંસ્કૃત ભાષામાં હોય પણ એને સમજનારા કેટલા ? અને જેનો અર્થ ન સમજાય તેનો ભાવ શી રીતે જન્મે ? પ્રથમ અર્થનિષ્પત્તિ હોય પછી જ ભાવનિષ્પત્તિ. આ કારણસર મોટાએ નીચેનો શ્લોક ગુજરાતીમાં રચેલોઃ-

(અનુષ્ટુપ)

*પામવા વિઘ્નથી મુક્તિ, શાંતિ કલ્યાણ ઝંખવા,*
*આહુતિ આપીએ પ્રાર્થી, ઉન્મુખી દિલ પ્રેરવા.*

અહીં વિઘ્ન શબ્દનો અર્થ સંસારિક પણ હોય અને સાધનામાં નડતાં વિઘ્નો પણ હોય. એટલે 'વિઘ્ન' શબ્દ અંગે તો ઉચ્ચારનાર વ્યક્તિની પ્રત્યેકની જુદી જુદી ધારણા રહી શકે. વળી 'શાંતિ કલ્યાણ ઝંખવા'માં માત્ર ઇચ્છા-અભિલાષા-ધારણા નહિ ચાલે ઝંખના જ જોઈએ. નિમ્ન વૃત્તિઓની આહુતિ અપાય ત્યારે જ દિલ ઉન્મુખી બને.

યજ્ઞના ત્રીજા-છેલ્લા દિવસે જ્યારે હું શહેરમાંથી નરોડા પહોંચ્યો ત્યારે સાત-આઠ બહેનો એકાગ્ર ચિત્તે વેદીમાં જવ અને તલની આહુતિ અર્પી રહ્યાં હતાં. એ શ્લોક ગુજરાતીમાં ઉચ્ચારાતો હતો એટલે એના ઉચ્ચારણથી વાતાવરણમાં ગંભીરતા છાઈ રહી હતી. બહેનોના મુખ ઉપર ઉલ્લાસ અને આનંદ હતો.

શ્રી ઉપાસનીબાબાના સ્થાનક સાકુરીમાં બહેનો યજ્ઞ કરે છે ખરી પરંતુ આશ્રમમાં તાલીમ પામેલી, દીક્ષા પામેલી કન્યાઓ જ ભાગ લઈ શકે છે. જ્યારે આ યજ્ઞમાં તો કોઈ પણ બહેન નાહીધોઈ સ્વચ્છ થઈને ભાગ લઈ શકતી હતી.

નરોડામાં આ યજ્ઞને જોવા કેટલાય બ્રાહ્મણો આવેલા અને બહેનોને યજ્ઞમાં આહુતિ આપતી જોઈ દુભાયા હતા. તેઓએ મોટાને કહ્યું કે તમે અધર્મ કરી રહ્યા છો, મહારાજ ! મોટાએ જવાબ આપેલો કે એનું પાપ અને સજા હું ભોગવી લઈશ. આહુતિ અર્પવા માટે બહેનો જ વધુ લાયકાતવાળી છે એ વાત બ્રાહ્મણોના ગળે કેમ ઊતરે ?

**આપણા સમાજમાં સ્ત્રી એક એવું પાત્ર છે કે સંસાર જીવનમાં સ્વાર્પણની આહુતિઓ ક્ષણે ક્ષણે આપતી જ રહેલી છે.** એમના દ્વારા જ ધર્મની ભાવના હજુ ટકી રહી છે. એ ભાવનાઓનું વહન બહેનોમાં શુષ્ક બુદ્ધિથી નહિ, પણ હૃદયની ભાવનાથી થઈ રહેલું છે.

પૂજ્ય શ્રીમોટામાં નીડરતા છે, સાહસિકતા છે. મૌનમંદિરો એ એમની આખી વિશિષ્ટ મૌલિક શોધ છે. એનો જોટો હિંદમાં ક્યાંયે નહિ હોય- લગભગ નથી જ. આ મૌન યોજનાને તેઓએ સક્રિય અને કામયાબપણે અમલી કરી બતાવી છે.

જીવનમુક્તો પાસે અનુકરણ નથી હોતું, મૌલિકતા હોય છે અને તેય ક્ષણે ક્ષણે બદલાતી નિત્ય નૂતન રમણીય હોય છે. વળી, સહજીવનની તેમની પદ્ધતિમાં વિશેષતા આવી જાય છે. બહેનો આહુતિ આપતી હોય ત્યારે બહેનો જ બેસે ને પુરુષો સાથે ના હોય એવું પણ નહિ, સ્ત્રીપુરુષના તેવા ભેદ ત્યારે નથી હોઈ શકતા. આ પણ એક વિશેષતા છે.

નરોડામાં આ યજ્ઞ જ્યાં શરૂ કરાવ્યો હતો તેનાથી એકાદ માઈલના અંતરે એક લક્ષચંડી યજ્ઞ થઈ રહ્યો હતો. ૧૨૫૦ જેટલા બ્રાહ્મણો આહુતિ આપનારા હતા. ૧૦૧થી વધારે યજ્ઞની વેદીઓ હતી. પાર વિનાના સ્વયંસેવકો હતા. જાણે કે એક નાનું ગામડું વસ્યું હોય ! અમદાવાદથી આખો દિવસ સ્પેશિયલ બસો દોડતી રહેતી હતી. આવા પ્રણાલિકાતગત મહાયજ્ઞની પાડોશમાં જ શ્રીમોટાનો નવીન ઢબનો નૂતન દૃષ્ટિ અર્પતો એક નાનકડો યજ્ઞ યોજાયો હતો.

'આશ્રમની અટારીએથી', ૪થી આવૃત્તિ પૃ. ૧૫૯ ❏

**(અનુસંધાન પાન નં. ૯ નું ચાલુ)**

**મોટા થયા પહેલાં...**

મને ચોક્કસ સાલ યાદ નથી પણ સને ૧૯૩૩થી ૩૭ની અંદર હું શિરોહી મારાં મોટાં બહેનને ત્યાં રહેતો હતો. તબિયત પણ સારી નહોતી. મેં એમને લખ્યું કે 'અહીં આવી જાઓ' એમની પૈસાની સગવડ તો ઉપર જણાવી છે. તેમ છતાં તેઓ આવ્યા હતા અને મને ઘણો આનંદ થયો હતો. ચારેક દિવસમાં મારું વજન સવાશેર વધ્યું હતું.

બીજો પ્રસંગ ૧૯૩૮ની સાલનો છે. મોટાની તબિયત ખૂબ બગડી હતી. લોહી પડ્યું ને વી.એસ. હૉસ્પિટલમાં લઈ ગયા હતા. આરામ માટે તેઓ જેમને 'બાપુ' કહેતા તેમને ત્યાં કરાંચી જવાના હતા. અમદાવાદથી સીધી ટ્રેન કરાંચી જાય પણ હું હઠયોગનાં આસનો કરી તબિયત સુધારવા વિદ્યાપીઠમાંથી લાંબી રજાઓ લઈ મુંબઈમાં હતો. મારા માટેના પ્રેમના કારણે એમણે લાંબો રસ્તો લઈ, મને મુંબઈ મળવા આવ્યા. બે દિવસ રોકાયા પછી સ્ટીમરમાં કરાંચી ગયા અને મને પણ એમણે કરાંચી બોલાવ્યો હતો.

પૂજ્ય શ્રીમોટા હીરક મહોત્સવ સ્મૃતિ ગ્રંથ પૃ. ૧૪૯ સાભાર સંકલન ❏

(અનુષ્ટુપ)

**બીજાને રાજી સૌ વાતે રાખવાં આપણે પૂરાં,**<br>
**'રાખે આપણને રાજી બીજા' ચહો ન એમ ત્યાં.**<br>
કરી છૂટીશું જો યોગ્ય કર્તવ્ય આપણું પૂરું,<br>
નિશ્ચિતતા અને શાંતિ તેમાંથી મળશે બધું.

-શ્રીમોટા

'જીવનપગલે', બીજી આવૃત્તિ

## (૮) મંત્ર ટૂંકો હોવો જોઈએ - શ્રીમાતાજી

પ્રૉ. જયંતીભાઈ શાહ

પૂજ્ય શ્રીમોટાને મારા ધર્મપત્ની પ્રવીણાબહેને નડિયાદ આશ્રમ ખાતે પોતાને કોઈ મંત્ર આપવા માટે વિનંતી કરી હતી. શ્રીમોટાએ જવાબમાં કહેલું કે, 'હું કોઈને મંત્ર-બંત્ર આપતો નથી.' તે પછી એક વખત મારે હરિઃૐ આશ્રમ સુરત ખાતે જવાનું બનેલું. પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ દરમ્યાન શ્રીમોટા બોલેલા કે, 'આપણા બધાંનો મંત્ર તો હરિઃૐ.'

એક વખત નડિયાદ આશ્રમ ખાતે પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈને તેમની રૂમમાં પગે લાગીને નીકળતો હતો ત્યારે તેઓશ્રીએ મને રોકીને પોંડીચેરીવાળા પૂજ્ય માતાજીના જપ અંગે જે વિચારો હતા તેની ટાઈપ કરેલ વિગતોનો પત્ર મારા હાથમાં મૂકતાં મને કહેલું કે પૂજ્ય શ્રીમોટાએ જે મૌનમંદિરો બંધાવ્યા છે અને 'હરિઃૐ'નો ટૂંકો મંત્ર જે આપેલો છે તેનું હાર્દ પૂજ્ય માતાજીના આ લખાણથી સમજાશે. અંગ્રેજી ભાષામાં ટાઈપ કરેલો એ પત્ર અત્રે પ્રકાશિત કરાયો છે છતાં એની ટૂંકમાં વિગત આ પ્રમાણે છે :-

'ખાસ કરીને જ્યારે તમે એક, બે કે વધુમાં વધુ ત્રણ શબ્દોના મંત્રનું વારંવાર અને આપોઆપ રટણ કરવા માંગતા હો ત્યારે હું લઘુમંત્રની તરફેણ કરું છું... મારું શરીર મંત્રોચ્ચાર કરવા તૈયાર છે.' જાણે કે રૂપાંતરણ કરવાની ઉતાવળ ન હોય ! જેટલીવાર મંત્રોચ્ચાર કરવા હોય તે માટે તે તૈયાર છે શરત માત્ર એટલી કે તે મોટેથી કરવાનો ન હોય. કારણ કે તે (શરીર) ભાગ્યે જ એકલું હોય છે. અને તે બીજા કોઈને જણાવવા દેવા માગતું નથી. આવી બાબતો માટે (પાંડિચેરીના) આશ્રમનું વાતાવરણ અનુકૂળ નથી તે હકીકત છે. તમને ખલેલ ના પડે કે એકધારાપણું તૂટી ન જાય તે માટે તમારે ઉપાયો લેવા જ પડશે. ગૃહ-સેવકો, કુતૂહલ ધરાવતા લોકો, કહેવાતા મિત્રો- આ બધા ગતિશીલ ચક્રમાં આડશો મૂકવા માટે આસુરી પરિબળોના હાથારૂપ બની શકે છે.

મંત્રજાપ લગભગ શારીરિક શિસ્ત છે. તદ્‌ઉપરાંત તેની વ્યવસ્થિત અસર અર્ધજાગૃત મન પર, અસાતત્ય પર, પદાર્થ પર, શરીર-કોષો પર થતી હોય છે. પિયાનો પર દરરોજ પ્રેકટીસ કરવાથી જે પ્રાપ્ત થાય તેના જેવો આ સિદ્ધાંત છે. તમે યંત્રવત્ મંત્રજાપ ચાલુ રાખો, પરિણામે તમે જાગૃતિસભર થઈ જશો - તમારું શરીર જાગૃતતા અનુભવશે. મંત્રજાપ શરીર-સાધન જરૂરી છે, તેવું મને અનુભવે સમજાયું છે. શ્રીઅરવિંદે આ બાબતે કશું જણાવ્યું નથી. હા, બાહ્ય સાધનોનો આશરો લીધા વિના દરેકને પોતાનાં સર્વ કર્મો કરતાં આવડવું જોઈએ તેમ કહ્યું છે. અત્યારે આપણે જે જગ્યાએ ઉપસ્થિત છીએ, તે જગ્યાએ શ્રીઅરવિંદ હોત તો તેઓને સમજાયું હોત કે માત્ર મનોવૈજ્ઞાનિક પદ્ધતિ અપર્યાપ્ત છે અને **મંત્રજાપ પણ જરૂરી છે, કારણ કે તેની સીધી અસર શરીર ઉપર થાય છે.** તેથી મારે જાતે જ કોઈ રસ્તો શોધવાનો રહેશે. તો મારે જાતે મારો મંત્ર શોધવો પડશે. હવે બધું

તૈયાર છે. એટલે દસેક વરસોનું કામ મેં થોડાક મહિનાઓમાં પૂરું કર્યું છે અને હું જાગ્રત હોઉં, અરે, નિદ્રાવશ હોઉં તો ય સતત મારા મંત્રનું રટણ કર્યા કરું છું. હું વસ્ત્રધારણ કરતી હોઉં તો ય, ખાતાં-પીતાં, બીજાંઓ સાથે બોલતાં હું મંત્ર બોલતી રહું છું. વાસ્તવિક સ્વરૂપે, જેઓ પાસે મંત્ર છે અને જેઓ પાસે મંત્ર નથી, તેમની વચ્ચેનો તફાવત તમો તરત પારખી શકો છો. જેની પાસે મંત્ર નથી તેમણે ધ્યાન અથવા એકાગ્રતાની ઘણી ઊંડી આદત હોવા છતાં, તેમની આસપાસ અંધકાર અને અનિશ્ચિતતા વર્તાય છે. ઊલટું જેઓ જાપનો આશરો લે છે તેમની આસપાસ ચોકસાઈ, એક પ્રકારની સઘનતા અને સુરક્ષિતતા હોય છે. તેઓ ચમક-કૃત થઈ જાય છે.

પાન-૧૯૬ એજન્ડા વોલ્યુ-૧ તા. ૧૬-૯-’૬૨

પાન-૨૭૬ એજન્ડા વોલ્યુ-૧ તા. ૨૯-૧-’૫૯માંથી સાભાર

I am in favour of a short mantra, especially if you want to make both numerous and spontaneous repetitions one or two words, three at the most.

Page : 196 Agenda Vol. I
Date : 16.9.1962

My body would also like to have a mantra to repeat. It would like to have one to hasten its transformation. It is ready to repeat it as many times as needed. Provided that, it does not have to be out loud, for it is very rarely alone and does not want to speak of this to anyone. Truly, the Ashram atmosphere is not very favourable for this kind of things. You will have to take precautions so as not to be disturbed or interrupted in an inopportune way. Domestic servants, curious people, so called friends can all serve as instruments of the hostile forces to put a spoke in the wheel. (Page 276, Agenda. Vol. I, 29-1-59)

It is an almost physical discipline. Moreover, I have seen that the Japa has an organizing effect on the subconscient, on the inconscient, on the matter, on the body's cells - it takes time but by persistently repeating it, in the long run it has an effect. It is the same principle as doing daily exercises on the piano, for example.

You keep mechanically repeating them, and in the end your hands are filled with consciousness - it fills the body with consciousness. (20th Sept. 1960 - page 421 Agenda Vol. I)

"I have also come to realize that for this Sadhana of body, the mantra is essential. Sri Aurobindo gave none; he said that one should be able to do all the work without having to resort to external means. Had he reached the point where we are now, he would have seen that the purely psychological method is inadequate and that a Japa is necessary because only japa has a direct action on the body. So I had to find the method all alone - to find my mantra by myself. By now that things are ready, I have done ten years of work in a few months.

And I repeat my mantra constantly when I am awake and even when I sleep. I say it even when I am getting dressed, when I eat, when I work, when I speak with others; it is there just behind in the background, all the time.

I fact, you can immediately see the difference between those who have a mantra and those who do not. With those who have no mantra, even if they have a strong habit of meditation or concentration, something around them remains hazy and vague. Whereas the Japa imparts to those who practice it a kind of precision, a kind of solidity; an armature. They become galvanized.' ❑

## (૯) અમે કર્મ બાંધ્યાં, માટે અમારો દોષ છે

**શ્રીમદ્ રાજચંદ્ર**

ચિ.ચંદુના સ્વર્ગવાસના ખબર વાંચી ખેદ થયો. જે જે પ્રાણીઓ દેહ ધારણ કરે છે તે તે પ્રાણીઓ તે દેહનો ત્યાગ કરે છે, એમ આપણને પ્રત્યક્ષ અનુભવસિદ્ધ દેખાય છે, તેમ છતાં આપણું ચિત્ત તે દેહનું અનિત્યપણું વિચારી નિત્ય પદાર્થના માર્ગને વિષે ચાલતું નથી, એ શોચનીય વાતનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે. મનને ધીરજ આપી ઉદાસી નિવૃત્ત કર્યે છૂટકો છે. દિલગીરી ન કરતાં ધીરજથી તે દુઃખ સહન કરવું એ જ આપણો ધર્મ છે.

આ દેહ પણ જ્યારે ત્યારે એમ જ ત્યાગવાનો છે, એ વાત સ્મરણમાં આવ્યા કરે છે અને સંસાર પ્રતિ વૈરાગ્ય વિશેષ રહ્યા કરે છે. પૂર્વ કર્મને અનુસરી જે કંઈ પણ સુખદુઃખ પ્રાપ્ત થાય તે સમાન ભાવથી વેદવું એ જ્ઞાનીની શિખામણ સાંભરી આવી છે, તે લખી છે. માયાની રચના ગહન છે.

જ્યોતિષની આમ્નાય સંબંધી કેટલીક વિગત લખી છે તે વાંચી છે. ઘણો ભાગ તેનો જાણવામાં છે. તથાપિ ચિત્ત તેમાં જરાય પ્રવેશ કરી શકતું નથી, અને તે વિષેનું વાંચવું, સાંભળવું કદાપિ ચમત્કારિક હોય, તોપણ બોજારૂપ લાગે છે. થોડી પણ તેમાં રુચિ રહી નથી.

અમને તો માત્ર અપૂર્વ એવા સત્‌ના જ્ઞાન વિષે જ રુચિ રહે છે. બીજું જે કંઈ કરવામાં આવે છે, તે બધું આસપાસના બંધનને લઈને કરવામાં આવે છે. હાલ જે કંઈ વ્યવહાર કરીએ છીએ, તેમાં દેહ અને મનનો બાહ્ય ઉપયોગ વર્તાવવો પડે છે. આત્મા તેમાં વર્તતો નથી. ક્વચિત પૂર્વકર્માનુસાર વર્તાવું પડે છે, તેથી અત્યંત આકુળતા આવી જાય છે.

જે કંઈ પૂર્વે નિબંધન કરવામાં આવ્યાં છે, તે કર્મો નિવૃત્ત થવા અર્થે, ભોગવી લેવા અર્થે એ વેપાર નામનું વ્યાવહારિક કામ બીજાને અર્થે સેવીએ છીએ.

આ કામની પ્રવૃત્તિ કરતી વખતે જેટલી અમારી ઉદાસીન દશા હતી તેથી આજે વિશેષ છે. કોઈ પણ જીવ પરમાર્થને ઇચ્છે અને વ્યાવહારિક સંગમાં પ્રીતિ રાખે, ને પરમાર્થ થાય એમ તો કોઈ કાળે બને જ નહિ. આ કામની નિવૃત્તિ, પૂર્વકર્મ જોતાં તો હાલ થાય તેવું દેખાતું નથી.

અમને તો ગમે તેમ હો તો પણ સમાધિ જ રાખ્યા કરવાની દઢતા રહે છે. પોતાને જે કાંઈ આપત્તિ, વિટંબણા, મૂંઝવણ કે એવું કાંઈ આવી પડે તેને માટે કોઈ પ્રત્યે દોષનું આરોપણ કરવાની ઇચ્છા થતી નથી. તેમ પરમાર્થ દૃષ્ટિએ જોતાં તે જીવનો દોષ છે. જીવની જ્યાં સુધી વ્યાવહારિક દૃષ્ટિ હોય છે ત્યાં સુધી પારમાર્થિક દોષનો ખ્યાલ આવવો બહુ દુષ્કર છે.

અત્ર ભાવસમાધિ તો છે. પણ એવી દ્રવ્યસમાધિ આવવાને માટે પૂર્વકર્મ નિવૃત્ત થવા દેવાં યોગ્ય છે.

કોઈપણ પ્રકારે સત્સંગનો જોગ બને તો તે કર્યા રહેવું, એ કર્તવ્ય છે અને જે પ્રકારે જીવને મારાપણું વિશેષ થયા કરતું હોય અથવા વધ્યા કરતું હોય, તે પ્રકારથી જેમ બને તેમ સંકોચાતું રહેવું, એ સત્સંગમાં પણ ફળ આપનાર ભાવના છે. પૂર્વકર્મ તરત નિવૃત્ત થાય એમ કરીએ છીએ.

'શ્રીમદ્ રાજચંદ્ર - ૨', પૃ. ૩૨૧ ❑

## (૧૦) મૌન એટલે મનથી બોલવાનું બંધ કરવું

શ્રીઉપાસનીબાબા

**તમે કરેલું નામસ્મરણ દેવને પહોંચે છે. તમે કરેલા સારા-નરસા વિચાર દેવ સમજે છે. એટલે દેવ પાસે કે સત્પુરુષ પાસે બેસવું હોય તો ગુપચુપ બેસવું, કશાયનો વિચાર કરવો નહિ.** વળી, સ્વચ્છ થઈને બેસવું. બાહ્ય રીતે અને અંદરથી સ્નાન કરીને બેસવું. અંદરનો મેલ પાણીથી ધોવાતો નથી.

**'મૌનમ્ સર્વ અર્થ સાધનમ્'-એ રીતે અંદરનો મેલ દૂર કરવાનું સાધન મૌન છે.** કોઈ પણ પ્રકારની ગડબડ કે ક્રિયા કરવી નહિ. બડબડ મોઢાંની અને મનની એવી બે પ્રકારની હોય છે. **મોઢું બંધ રાખીએ તોપણ મનની બડબડ ચાલુ હોય છે. આપણે પહેલાં મનથી બોલીએ અને પછી મોઢેય બોલીએ છીએ.**

પૂર્વેના ઋષિઓ મૌન ધારણ કરતા. તેઓને મૌન સાધ્ય થયું કે તેઓ 'મુનિ' કહેવાતા. મૌન ધારણ કરે છે તે મુનિ. **મૌન એટલે મનથી બોલવાનું બંધ કરવું.** મોઢેથી બોલવાનું બંધ કરીએ એટલે હોઠ, જીભ વગેરે કાંઈ પણ હાલતું નથી. તેમ મનથી ન બોલવું એટલે મનનું હાલવું બંધ થવું જોઈએ.

કોઈ પણ પ્રકારના વ્યવહારી વિચાર ન કરીએ એટલે જ તેને મૌન કહેવાય. **કેવળ પરમેશ્વર સંબંધી સદ્‌વિચાર જ ચાલુ તો તેને પણ મૌન કહેવાય** અને આવું મૌન ધારણ કરનારાને 'મુનિ' સમજવા. મૌન વ્રત ધારણ કરવા માટે પુષ્કળ કહેલું છે. મોટી મોટી તપશ્ચર્યા મૌન સાધવા માટે જ કરવામાં આવે છે. **મૌન સાધ્ય થાય, એટલે તેને મોટું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. પરમેશ્વરી શક્તિ પ્રકટ થાય છે અને સર્વ સિદ્ધિ આપમેળે આવે છે.**

આપણને સિદ્ધિ પ્રાપ્ત થવી જોઈએ, મનમાં લાવીએ તે થવું જોઈએ, તે કેવી રીતે થાય ? મનમાં પૂર્વેનું બોલવું એટલે કે મનમાં જગત પૈકી દૂષિત વ્યાપાર સર્વ બંધ કરીએ, એટલે કે પૂર્ણ મુનિ બન્યા પછી તે ઠેકાણે કાંઈ જ રહેતું નથી. કાંઈ ન રહે એટલે આપોઆપ સર્વ અષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એટલે જ 'મૌનં સર્વાર્થસાધનમ્' એટલે મૌન સર્વ હેતુ પૂર્ણ કરનારું છે.

એકાદી વ્યક્તિને તેનું ઝૂંપડું કે અગવડ ભરેલું ઘર કે જેમાં ત્રાસ થતો હોય અને તેથી બીજું સગવડ ભરેલું ઘર બાંધવાનું હોય, તો પહેલાંનું અગવડ ભરેલું ઘર તે તોડી નાખે છે. પછી ફક્ત સપાટ જમીન થયા પછી ગમે તેવું સગવડવાળું ઘર તે બાંધે છે. તેવી રીતે જ પૂર્વના મનના વ્યાપાર કે જેનાથી આપણને ત્રાસ થાય છે, જો ખરું સમાધાન જોઈતું હોય તો પૂર્વના મનના વ્યાપાર તોડી નાખવા પડે છે. પછી તેના પર ગમે તેવી ઈમારત તૈયાર કરી શકાય છે.

પહેલાના ઋષિઓ ઘણી સુંદર રીતે મૌન ધારણનો પ્રયત્ન કરતા હતા. કારણ **મૌન એ સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે.** 'मौनं चैवास्मि' એવું ભગવાનનું વાક્ય છે. મનથી મૂંગા બેસવું જોઈએ. કોઈ એકાંતમાં બેસે છે, કોઈ મુખ

પર કપડું ઢાંકી બેસે છે પણ મન અંદરનું અંદર બોલતું રહે છે. અહીંતહીં ભટકતું હોય છે.

જેમ પાણીનો મોટો ધોધ વહેતો હોય અને તેને બંધ કરીએ, તો બીજી તરફથી તે ફૂટે છે. અથવા તો જ્યાં બંધ કરીએ ત્યાંથી જ ફૂટે છે. તેવી જ રીતે મન પણ કેટલુંએ આવરીએ તો પણ તે બેટું ફૂટવાને માગે છે. તેનું જોર ઘણું હોય છે. **તે જોર આપણાં જ જન્મોજન્મનાં વાસનાબદ્ધ કર્મના યોગે થઈ બેઠેલાં હોય છે.** તે પુષ્કળ સમયનો, કર્મના યોગે મનના ચંચલપણાનો ઓઘ બંધ કરવો, તે આપણા હાથમાં રહેલું હોતું નથી. એટલે તે બંધ કરવા માટે સત્પુરુષની આજ્ઞાથી ચાલીને તેની મદદ લેવી પડે છે.

સત્પુરુષની મદદથી પુષ્કળ જન્મના મનનો વેરવિખેર ઓઘ ધીમે ધીમે શાંત થતો જાય છે, પણ તે કોને ? જે સત્પુરુષની આજ્ઞામાં રહીને મૌનવ્રતનો અભ્યાસ કરે છે, તેને સુખશાંતિનો લાભ મળે છે.

સૌપ્રથમ સત્પુરુષ પાસે આપણે હોઈએ ત્યાં સુધી વ્યવહાર પૈકી કાંઈ પણ બોલવું બંધ રાખી મૂંગા રહેવું. કોઈક કહેશે કે બોલ્યા સિવાય વ્યવહાર કેવી રીતે થઈ શકે ? તો જન્મથી જ કંઈક મૂંગા લોક તેઓનું શારીરિક કહો કે ખાવાપીવાનો સર્વ વ્યવહાર ચાલુ જ રહેતો હોય છે. તેઓ કામકાજ પણ કરે છે. એટલે બોલ્યા સિવાય કાંઈ અડચણ આવે છે એવું નથી. એટલે **ઘરમાં પણ એકદમ જરૂર સિવાય બોલવું જ નહિ એવા નિયમથી ચાલવું.** ઓછામાં ઓછું જ્યાં સુધી આપણે સત્પુરુષના દરબારમાં છીએ કે પરમેશ્વરી સંબંધની પૂજા વગેરે કર્મોમાં સેવાધર્મમાં હોઈએ ત્યાં સુધી તો કોઈ પણ પ્રકારે વ્યવહારી વાત કરવી ન જોઈએ અને શક્ય તેટલો મનથી અને મોઢાથી મૌનનો અભ્યાસ વધારવો જોઈએ. ઇતર ફાલતુ વ્યવહાર વધારતા જઈએ એટલે જ મનના પણ અધિક પણ જુદી જુદી તરેહના વિચારો વધતા જઈ મનથી અને મોઢાથી અધિક બોલવાના પ્રસંગો શરૂ થાય છે. એકદમ કારણ પૂરતો જ વ્યવહાર રાખીએ તો મનનું જ ચાંચલ્ય અને મોઢાનું બોલવું પણ અધિક વધતું નથી, આ નિયમ જ છે.

આપણે પણ બોલવું નહિ અને સત્પુરુષને પણ બોલાવીએ નહિ. **મૂંગા રહીએ એટલે સત્પુરુષ યુક્તિ કરે છે. તે યુક્તિ એટલે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એવાં ગતિ ઉત્પન્ન થવા માટેનાં જ ચાર ઠેકાણાં હોય છે,** તે બોલવાની ક્રિયા પહેલાં ત્રણ ઠેકાણે થઈને પછી મોઢા દ્વારા બહાર પડે છે તે ક્રિયા બહુ જલદી થાય છે.

**હવે, સદ્‌ગુરુ પહેલે ઠેકાણે જ કળ દબાવે છે. પછી ધીરે ધીરે મનનું ચાંચલ્ય ઓછું થતું જાય છે. એમાં સમય તો લાગે છે.** સત્પુરુષ સામે સ્વસ્થ બેસવાથી જ તે અંદર ક્રિયા કરે છે. તે અંદર કરાયેલી ક્રિયા કેટલાક દિવસો પછી ઉદય પામે છે અને અનેક જન્મના સંસ્કારોના ગમે તેવા નકામા વિચારોનો પ્રવાહ બંધ પડી સારા વિચારો આવવા લાગે છે.

ગુપ્ત એવા પરમેશ્વરના બોલ અને અખંડ સુખના અનુભવના બોલ હૃદયમાં,

મનમાં શરૂ થાય છે. આ જ મૌનનું ફળ. **સ્વસ્થ બેસીને મૌનનો અભ્યાસ કરવો એટલે એ એક યોગાભ્યાસ જ થાય છે. સદ્વિચાર આવવા લાગે એટલે મૌનનું ફળ મળવા લાગ્યું એમ સમજવું. સદ્વિચાર સંબંધી બોલવાથી મૌન તૂટી જતું નથી.** અસત્ બાબત બોલવાથી મૌનભંગ થઈ દોષ લાગે છે. સત્પુરુષના મુખથી બોલવાથી જે ઉપદેશ મળે છે તેના કરતાં ગુપ્ત રીતે જે ક્રિયા કરે છે તેનો ઉપયોગ ઘણો થાય છે. તે જ ટકે છે, મુખથી બોલે તે લાંબો સમય ટકતું નથી. તે સત્પુરુષના સ્થાન-ફાટકની બહાર ગયા કે થયું. અંદરનું બોલાયેલું હોય છે, તે થોડાક દિવસોએ ઉદય પામે કે સમજવું કે પરમેશ્વરની પ્રાપ્તિનો માર્ગ સાંપડ્યો.

'શ્રીઉપાસની વાક્સુધા-૧', પ્ર.આ., પૃ. ૯૨ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ -સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સ્વજન દંપતિ શ્રીમતી ગીતાબહેન/કાર્તિકેય અમીન (જ્ઞાનદાન) | અમેરિકા | ૧૧,૫૦૦/- |
| ૨. | સદ્ગત ભાણેજ ઉપેન્દ્રભાઈ પૂનમભાઈના સ્મરણાર્થે હસ્તે રમેશભાઈ પી. પટેલ | અમેરિકા | ૩,૦૦૦/- |
| ૩. | શ્રી જગદીશભાઈ મારફતિયા | મુંબઈ | ૨,૫૦૦/- |
| ૪. | સદ્ગત માતાપિતાના સ્મરણાર્થે હસ્તે શ્રી માલવ ગિરીશભાઈ દવે | અમદાવાદ | ૨,૫૦૦/- |
| ૫. | એક સ્વજન પરદેશયાત્રા નિમિત્તે | | ૨,૫૦૦/- |
| ૬. | એક સ્વજન પરદેશયાત્રા નિમિત્તે | | ૨,૫૦૦/- |
| ૭. | ગૌરાંગ મરચન્ટ | અમેરિકા | ૧,૪૦૦/- |
| ૮. | સુધીરકુમાર મોહનભાઈ દલસાણીયા | સુરત | ૧,૧૧૧/- |
| ૯. | વિદ્યાબહેન બાલુભાઈ શાહ | અમેરિકા | ૧,૦૦૦/- |
| ૧૦. | શાન્તિલાલ નરસિંહાઈ પટેલ જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૧. | શ્રૃતિબહેન ચિંતનકુમાર વ્યાસ જન્મદિન નિમિત્તે ૨૫/૮ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૨. | જીનલ હર્ષવદન જાની જન્મદિન નિમિત્તે ૧/૯ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૩. | દેવેન્દ્રસિંહ બી. સોલંકી | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૪. | નીલાબહેન રવીન્દ્રભાઈ ચોકસી | સુરત | ૫૦૧/- |
| ૧૫. | આરીન વિશાલ મહેતા જન્મદિન નિમિત્તે ૧૮/૧/૦૫ હસ્તે જયશ્રીબહેન ઠક્કર | મુંબઈ | ૫૦૧/- |
| ૧૬. | સ્વ. નટુભાઈ સી. ઠક્કરની પુણ્યતિથી નિમિત્તે ૪/૧૨/૦૬ | મુંબઈ | ૫૦૧/- |
| ૧૭. | હસમુખભાઈ એમ. મેવાવાળા, | સુરત | ૫૦૦/- |
| ૧૮. | એક સ્વજન | કડી | ૫૦૦/- |
| ૧૯. | રણજીતલાલ ઈશ્વરલાલ પોષ્ટીવાલા | સુરત | ૨૫૧/- |
| ૨૦. | એક સ્વજન | અમદાવાદ | ૧૫૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ. -સંપાદક**

## (૧૧) મને ત્રાસ તો ન આપો !

શ્રીમોટા

**ભગવાનનું નામસ્મરણ એ તો એક સરળ સહજ નાનકડું સાધન છે. તે પણ હજી સુધી કોઈથી યોગ્ય રીતે બની શકતું નથી** અને આપણે નીકળ્યા છીએ હિમાલયનો પહાડ ચઢવા ! આપણે બાથ ભરવી છે તો આકાશને અને એક નાનકડી બે ફૂટની જગાને તો બાથ ભરી શકાતી નથી !

મને તો આપણાં બધાંના ફતવા જોઈને દિલમાં એક પ્રકારની ઘણી ઘણી દિલગીરી થાય છે. માણસોને કંઈ કશું કરવું નથી ને ખાલી ખાલી કશીક મહત્તા મેળવવાના ફાંફાં મારવાં છે ! તે છતાં પાછું પોતાને હોશિયાર ગણવાની તુમાખી રાખવી છે, અનેક પ્રકારના ફાંકા રાખવા છે ને અહમ્‌ને તો હિમાલયના કરતાંયે મોટું રાખ્યા કરવું છે !

આવી બધી હકીકત હું સ્વજનના દિલમાં જોઉં છું. **જીવન પામવાને માટે તો ભારે આંતરિક તપશ્ચર્યાની જરૂર છે અને તેવો તપ કરવાનો ઉમળકો કોઈ સ્વજનના દિલમાં હું નિહાળી શકતો નથી.**

ત્યારે ભલાં ! તમે બધાં નીકળ્યાં હતાં શું કરવા ? **કોણે તમને બોલાવ્યા હતા ?** અને જો તમે તમારી મેળે આવ્યાં છો, તો જે કામ કરવાને માટે આવ્યાં હો, તેને માટે સાવધ થાઓ. જીવનવિકાસ તો માગી લે છે આકરામાં આકરો, ઊંચામાં ઊંચી કોટિનો પ્રચંડ પુરુષાર્થ. જીવનવિકાસ એ કંઈ રસ્તામાં પડેલું, અથડાતું અફળાતું, એવું કોઈ ફૂલબૂલ નથી કે જે નીચા વળીને લઈ લઈએ. એ તો મળતા જેવું લાગે ત્યારે પણ પાછું ઊડીને આઘું જઈને કેવી ભભકદાર રીતે આકર્ષણ પમાડી પમાડીને આપણને આકર્ષ્યા કરતું હોય છે.

જીવનવિકાસ પામવાને માટે વણનોતર્યાં તમે બધાં મારી પાસે આવ્યાં છો, ને જીવનનો ઘાટ ઘડવાનો અધિકાર તમે બધાંએ પ્રેમથી મને સોંપ્યો છે. **ઘાટ કેમ કરીને યોગ્ય રીતે ઘડી શકાય તેનો નિર્ણય તો પ્રભુકૃપાથી મારે કરવાનો હોય.** અનેક વેળા મેં જાતે ખાતરી કરી કરીને અનુભવ્યું છે કે જીવનવિકાસને માટે આમ કરવાની કે તેમ કરવાની કોઈક જીવને સૂચના કરી હોય, તેમાં પણ તેવા કોઈ જીવે પ્રેમ-ભક્તિથી અને દિલના ઉમળકાથી આમ કે તેમ, કોઈ જાતનાં વલણો જન્માવ્યાં દીધા વિના તેને ઉમળકાથી સ્વીકારી લીધું હોય, એવું હજી સુધી અનુભવવામાં આવ્યું નથી. આવી હકીકત એ જરૂર જીવનની કમનસીબી છે.

આપણી ખરેખરી તૈયારી પ્રગટેલી નહિ હોવા છતાં મનની તુમાખી અને તેના તરંગોના જુદા જુદા ઘોડાઓ નિહાળતાં નિહાળતાં આપણો જીવ કેવો પામર છે ! પોતાને થવું છે તો સંપૂર્ણપણે સ્વચ્છ, તેમ છતાં વારંવાર દુર્ગંધથી ભરેલા એવા કાદવકીચડમાં અવારનવાર માનવી રગદોળાયા કરે છે અને વળી પાછું તે પોતે સ્વચ્છ હોવાનું ગુમાન ધરાવે છે.

**(અનુસંધાન પાન નં. ૨૩ ઉપર)**

ભગવાન એક જ છે. છતાં ભગવાન શિવ અને ભગવાન કૃષ્ણની ઉપાસના પૃથક્-પૃથક્ કરાય છે તેનું કારણ ભક્તોની રુચિ અલગ અલગ છે.

ભગવાન એક છે પણ ભક્ત અનેક છે. ભક્તો અનેક પ્રકારની ઉપાસના કરે છે, એમાં ભગવાનને કોઈ સંબંધ નથી. રુચિની ભિન્નતા હોવાનું જ મુખ્ય કારણ છે. **પૂજા એ પૂજકની મનોવૃત્તિ છે, ઈશ્વરની નહિ.** કોઈ જૈન સાધુ રસ્તેથી પસાર થતી વખતે તેઓની નજર કોઈ પશુને મારનારની ઉપર પડશે તો તેમને પીડા થશે અને ઉપવાસ કરશે. જ્યારે કોઈ ભીલ પોતે જે આહાર લેતો હોય તે પ્રથમ ભગવાનને અર્પણ કરતો હોય. આમ બંનેનો પોત-પોતાનો મનોધર્મ અલગ છે પણ એ ભાગવત ધર્મ નથી.

યોગીઓનો એક સંપ્રદાય એક ઉચ્ચ નૈવેદ્ય તૈયાર કરે છે. એમાં બદામ, પિસ્તાં, ચારોળી વગેરે નાખી શુદ્ધ ઘીમાં તળે છે. જેને 'રોટ' કહે છે. એક મહિના સુધી એ રહે છે. આટલું કિંમતી નૈવેદ્ય તેઓ ભગવાન માટે બનાવે છે પરંતુ વાસ્તવમાં એના ટુકડા કરી તેઓ ખિસ્સામાં રાખે છે. લાંબી યાત્રામાં ભૂખ લાગતાં તેઓ ખાઈ શકે છે.

નિત્યાનંદબાબા કૉફી પીતા, ક્યારેક ક્યારેક મને પણ બોલાવીને પીવડાવતા પરંતુ આજે પણ જો તમે તેમની સમાધિ પર પ્રાતઃકાલ ત્રણ વાગ્યાના અરસામાં જાઓ તો ત્યાં કૉફીના ત્રણ-ચાર લોટા ધરાવેલા તમે જોશો. જો કોઈ એમ પૂછે કે આ વળી કેવી પૂજા છે ? તો એટલું જ કહી શકાય કે એ પોતપોતાની રુચિ છે. આ બધી પૂજા પોતાના મનની જ તૃપ્તિ માટે છે.

ભક્ત જે પણ ઉપાસના કરે છે તે પોતાની રુચિ અનુસાર કરે છે. કોઈએ કોઈ વિશેષ રીતથી ભગવાનની પૂજા કરીને સમાધાન મેળવ્યું. તેણે એ જ માર્ગ બીજાને બતાવ્યો. આમ અલગ અલગ સંપ્રદાય બન્યા. અસલ પૂજા તો કંઈક ઑર જ છે. જ્ઞાનેશ્વર મહારાજે એનું વર્ણન કરેલું છે. પૂજાનો અર્થ છે કશું ન કરતાં સ્તબ્ધ થઈ જવું. ધ્યાનનો અર્થ છે પોતે સર્વ બની જવું. નૈવેદ્યનો અર્થ છે ત્રિપુરીમાં સ્થિરતા, પૂર્ણ સમાધાન.

ભગવાન તો પૂર્ણ તૃપ્ત છે. સાધારણ પૂજા એ ભગવાનની પૂજા છે જ નહિ. એની પૂજા તો ત્યારે થાય છે કે જ્યારે પૂજક સ્વયં દેવ બની જાય છે. દેવને ભજતાં ભજતાં જ્યારે પૂજક પૂર્ણ તન્મય થઈ જાય છે તે જ દેવની મહા પૂજા છે.

ગીતાના તેરમા અધ્યાયમાં ત્રીસમા શ્લોકમાં ભગવાને આવી પૂજાનો વિધિવિધાન કહ્યો છે. ભિન્ન ભિન્ન દેખાતા અનેક પ્રકારના જે અનુકૂળ અને પ્રતિકૂળ જગતભાવ છે, એને પૂજક જ્યારે અભેદરૂપથી મારામાં જોઈ લે છે ત્યારે જ તે મને પૂજી લે છે, મને જોઈ લે છે.

મંત્રજપની બાબતમાં શરૂમાં મંત્ર જિહ્વા-

જીભથી થાય છે. જિહ્વાનું મૂળ કંઠમાં છે. જિહ્વા એક જ છે એમ ન સમજશો. ચાર પ્રકારની જિહ્વા છે. ચારે - શરીરની સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ - પોતપોતાની જિહ્વા હોય છે. સ્થૂળ જિહ્વાનો સંબંધ સ્થૂળ શરીર સાથે હોય છે અને એમાં જ એનું કાર્ય ચાલે છે.

મંત્રનો અર્થસહિત કેટલાક સમય સુધી જપ કરવાથી તે સ્વયં કંઠમાં ઊતરી જાય છે. એને ઉતારવો નથી પડતો. ઉતારવાની કોશિષ કરવાથી પણ તેને ઉતારી ન શકાય. સાધારણ જિહ્વાથી - જેનો સંબંધ સ્થૂળ શરીર સાથે છે - લાંબા સમય સુધી જપ કરવાથી તેનું ફળ પણ સાધારણ મળે છે. વધારે ફળ માટે જિહ્વાનું વાચાંતર થવું જ જોઈએ. પ્રેમથી જપ કરતાં કરતાં - જપના નિયમીત અભ્યાસથી સૂક્ષ્મ બનતાં જ તે સ્વયં કંઠમાં ઊતરી જાય છે. ત્યારે ઘણાં સ્વપ્ન દેખાવા લાગે છે. દેવી દેવતાઓનાં દર્શન થાય છે. જપની શક્તિ અને સૂક્ષ્મતા વધતાં આનંદ પણ વધતો જાય છે.

સૂક્ષ્મ-સ્થાનમાં જપનો આનંદ મહાન હોય છે. તંદ્રાવસ્થામાં મન જવા લાગે છે. જેને બાહ્ય ઈન્દ્રિયો જોઈ પણ શકતી નથી એવી વસ્તુઓનો સાક્ષાત્કાર થવા લાગે છે. ત્યારબાદ જપ હૃદયમાં ઊતરવો જોઈએ. ત્રીજા શરીરમાં જ્યાં ત્રીજી જિહ્વા છે. વૈખરી, મધ્યમાં પશ્યન્તિ, અને પરા ! હૃદયમાં પશ્યન્તિ જિહ્વા છે.

હૃદયમાં જપ ઊતરવાથી આનંદની માત્રા ઑર વધી જાય છે. સાધક જાણે કે નાચવા લાગે છે. પરમાત્મા-પરમાનંદની અનુભૂતિ કરવા લાગે છે. તેનામાં ઘણી શક્તિઓ આવે છે. શ્રેષ્ઠ વિદ્યાનો ઉદય થાય છે. કવિતા, સંગીત, કળા અને બીજી પ્રતિભાઓનો ઉદય થાય છે. તે જે કંઈ બોલે છે તે સત્ય બની જાય છે.

છતાં જપ અહીં હૃદયમાં પૂરો થઈ જતો નથી. તેને નાભિમાં ઊતરવું પડે છે. નાભિમાં ચોથિ જિહ્વા છે, જેને પરાવાક કહે છે. **નાભિમાં જપ થાય છે. આ સૌથી ઉચ્ચ અવસ્થા છે.** અનુભૂતિ અને પૂર્ણતાની પ્રાપ્તિ પણ થાય છે.

મંત્ર જપ એક સાદો, સરળ અને સીધોસાદો માર્ગ છે. એક ઉચ્ચ સાધન પણ છે. ભગવાન શિવ, પાર્વતીને કહે છે, 'જપાત્ સિદ્ધિં વચને। હે દેવી ! જપથી સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. ગીતામાં ભગવાન કહે છે, यज्ञानां जपयज्ञोऽस्मि યજ્ઞોમાં હું જપયજ્ઞ છું. આ સત્ય છે.

ઘણાં વર્ષો સુધી નામ-જપનો અભ્યાસ કરવાથી પણ ક્ષુદ્રતા, ઈર્ષ્યા વગેરે વૃત્તિઓ નષ્ટ થતી નથી હોતી. જપની સાથે પોતાના દોષોને ક્ષીણ કરવાનો મનુષ્યે પ્રયત્ન જ કર્યો હોતો નથી. કેવળ સંકીર્તનથી હું સુખી થઈ જઈશ, એમ સંકીર્તનનું પ્રદર્શન કર્યા કર્યું. સદ્‌ગુણોને વીણી વીણીને અંદર ભરવા અને દોષોને બહાર કાઢવાની કોશિશ જ ક્યાં કરી ?

કામ-ક્રોધ, મદ-મત્સર, ઈર્ષ્યા વગેરેથી અંતર પરિવર્તન થાય છે. ક્રોધમાં, પેલો શબ્દ જેનાથી ક્રોધ ભભૂકી ઊઠ્યો છે, સામે આવીને જ ઊભો થઈ જાય છે. ભગવદ્ નામથી અંતરમાં અસર

ન થાય તે આશ્ચર્યજનક છે. આપણે એ ભાવથી સંકીર્તન કરતા નથી કે જેથી આપણી અંતર શુદ્ધિ થઈ જાય. દોષ બધા નીકળવા જ જોઈએ.

મનુષ્યની જાતિ એટલે હિંદુ, મુસલમાન વગેરે નહીં. જાતિ એટલે સ્વાભાવિક સત્ત્વ, રજ અને તમ. ઘણા વખત સુધી આ ગુણ મનુષ્યમાં રહેતા હોય છે. જેને નીકળતાં લાંબો સમય લાગે છે.

તુકારામ મહારાજ કહે છે કે રામનામમાં હૃદય પ્રેમમય બની જવાથી સુખ ક્ષણે ક્ષણે વધતું જ જાય છે અને દુઃખ ક્ષણે ક્ષણે ઘટતું જાય છે. લોકો અમને સારા કહેશે કે ખરાબ? એવી લોકદૃષ્ટિ રાખીને ભક્તિ કરવાથી તેનું વિશેષ પરિણામ આવતું નથી, ન તો અંતર પરિવર્તન થાય છે, ન તો પરમાત્મા પ્રાપ્તિ.

ભક્તિનું-પ્રેમનું આ રહસ્ય છે. માન-સન્માન, અભિલાષા, લોક-વિષય વગેરે સાથે થઈ ભક્તિ ન થઈ શકે. એ તો બધી ગમ્મત છે. ભક્તિ પોતાનો સુધાર, પોતાની પવિત્રતા, પરિવર્તનથી વિશેષ તો ભગવાનના પ્રેમ માટે હોય છે.

'નિત્યાનંદ કૃપા', જુલાઈ ૨૦૧૫, પૃ. ૭ (સંકલન) ❑

(અનુસંધાન પાન નં. ૨૦ નું ચાલુ)

**મને ત્રાસ તો ન આપો !...**

આ બધું જ્યારે પ્રભુકૃપાથી નિરખાય છે, ત્યારે મને મારા ગુરુમહારાજ યાદ આવે છે. તેમણે મને કૃપા કરીને દંડો આપવાનું કર્યું હતું, પરંતુ મેં મૂર્ખાએ તે સ્વીકાર્યો નહિ. પોતે જરૂર સાચા હતા ને હું પોતે તે ન સ્વીકારવામાં ખોટો હતો. **તે દંડો પ્રભુકૃપાથી જો મારી પાસે હોત તો મળેલાંની તુમાખીને દંડા મારી મારીને વિખેરી શકાત.**

પરંતુ આવા પ્રકારની જુદા જુદા પ્રકારની તુમાખીને તોડવાને માટે દંડો એકલો પણ બસ નથી. નકામા નકામા મારી પાસે કોઈ ન આવત, તે પણ ઉત્તમ થાત. આ તો લોક આવ્યાં છે પોતાની મેળે, અને કરવું કારવવું તો કશું નથી ! પોતાનાં મનાદિ કરણને પાંશરાં કરવાનું તો નેવે મૂકવું છે ! તેમનાથી કરી વિશેષમાં વિશેષ ત્રાસ મને થાય છે. જૂનું જાય અને નવું આવે ને તે પણ ઘર કરી ન બેસે, તેની પણ ઘણી ઘણી કાળજી રાખવાની હોય છે. આ તો જાણે કે તમે મને સુખ આપવાને બદલે ભારે ત્રાસ આપી રહ્યા છો ને પાછું તેનું પણ તમને ભાન હોતું નથી કે થતું નથી.

'જીવનદર્શન', ૧૦મી આ., પૃ. ૧૪૮ ❑

**(અનુસંધાન પાન નં. ૫ ઉપરનું) પૂજ્ય શ્રીમોટાના અવતરણ વેળાયે...**

મોટાના જન્મને બે દિવસ થયા, ત્યાં તો મોટાના મોટાભાઈ જમનાદાસ જે ચાર વર્ષના હતા, તેમને પ્લેગ થયો. સૂરજબા તો ખાય નહીં, પીએ નહીં. તેમણે ઘી અને ભાત નહીં ખાવાની બાધા લીધી. મોટાના પિતાજીએ કોટે ઠીંકરું બાંધીને ખીચડી ખાવાની બાધા લીધી. ઈશ્વર ઈચ્છાથી જમનાદાસને સારું થયું. પૂજ્ય મોટાને છ આંગળી હતી. સૂરજબાને ચિંતા થઈ કે આને છ આંગળી છે તે ભણશે શી રીતે ! તેઓ તો ડૉક્ટર પાસે જઈને એક આંગળી કપાવી આવ્યા.

'જીવનસ્ફુર્લિંગ સ્મૃતિગ્રંથ', પૃ. ૧૨૫, સાભાર ❑

## (૧૩) પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૩)

નરહરિ દવે

(ગતાંકના અનુસંધાને)

વડીલોપાર્જિત થોડીક ખેતીની જમીન હતી એ ભાગે વાવવા જે ખેડૂતને આપી હતી તે ખેડૂત એના માવિહેણા નાના દીકરાને લઈને લલિતાદેવીને મળવા આવ્યો. એ સમયે મા-દીકરો કાલાં ફોલતાં હતાં.

ખેડૂતે એની વિતકકથા કહી. પટલાણીના દેહાંત બાદ એમનો નાનો દીકરો મા વિના હિજરાય છે. વળી ખેતીમાંથી રાત્રે ઘેર આવી રાંધુ ત્યાં સુધી છોકરો ભૂખ્યો રહે છે એ જોવાતું નથી.

દયાળુ લલિતાદેવીથી કરુણાભાવે કહેવાયું કે તમારા દીકરાને અમારે ત્યાં મૂકતા જાવ. બે ભેગા ત્રીજો જીવ અને મારા બાલુને પણ એની સાથે ગોઠી જશે. બે જીવનું પોષણ માંડ માંડ ચાલતું હતું ત્યાં ત્રણ જણ થતાં ઘરખર્ચમાં ઑર કરકસર શરૂ થઈ.

દર મહિને વાળ કપાવતા બાલુને બે ત્રણ મહિના સુધી તેની જોગવાઈ થઈ ન શકી. વાંકડિયાં જુલ્ફાં તો શોભે તેવા હતા પણ દોષ-દેખું લોકોએ, ચૌદશિયાઓએ બાલકૃષ્ણને વ્યંગબાણ સંભળાવ્યાં કે શું નાટકમંડળીમાં જોડાવાનું છે કે શું ? બાળકે ઘેર જઈ મા પાસે હજામત કરાવવા પૈસાની હઠ લીધી. ઘરમાં રોકડ તો કંઈ હતી નહીં. છેવટે પાણિયારા પર પડેલા તાંબાના ઘડા પર નજર ગઈ. કંસારાને ભંગાર તરીકે એ ઘડો આપ્યો અને બાલકૃષ્ણના હાથમાં બેવડિયો પૈસો મૂક્યો. બાળકને ક્યાંથી ખબર પડે કે બેવડિયો કેવી રીતે આવ્યો અને માનું હૃદય એનો ફોડ પણ ના જ પાડે ને ! દરિદ્રતામાં જીવતા પરિવારને આઘાત પરિતાપ આપતા પ્રસંગો ઉપરાઉપરી આવતા જ હોય છે.

વાત જાણે એમ બની કે બાલકૃષ્ણના એક સમોવડિયા બ્રાહ્મણપુત્રને જનોઈ આપવાનો પ્રસંગ આવ્યો. એ બધું જોઈને પોતાને જનોઈ ક્યારે અપાશે એ પ્રશ્ન મા લલિતાદેવી સમક્ષ બાલકૃષ્ણે મૂક્યો. જનોઈ દેવાય તો સવારે સ્નાન પછી સંધ્યાપૂજા અને ગાયત્રીના જપ કરવાની હોંશ બાલકૃષ્ણને હૈયે હતી. પુત્રની માગણી નહિ સંતોષી શકવાથી લલિતાદેવીની આંખોમાંથી ખર ખર અશ્રુ સરવા લાગ્યાં પણ ભગવાન ઉપર ભરોસો રાખી બાળકને હૈયા ધારણ આપતાં રહ્યાં. ભગવાનને કરવું તે ભાઈશંકરમામાએ ભાણેજને જનોઈ આપી-યજ્ઞોપવિતના આ પ્રસંગથી બાલકૃષ્ણના બાળમાનસમાં એક ઘેરી છાપ પાડી કે મોટો થઈને ગરીબ બાળકો-નોંધારાઓના યજ્ઞોપવિત આપવાના કોડ પૂરા કરવામાં પોતે નિમિત્ત બનશે.

પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો કરી બાલકૃષ્ણને માધ્યમિક શાળામાં દાખલ કરવામાં આવ્યો. ત્યાં વેદોના સારા જાણકાર એક મુસ્લિમ શિક્ષક શાંતિમિયાં સાથે બાલકૃષ્ણને ભણવામાં રસ પડતો. શાંતિમિયાં કવિ પણ હતા. તેમની સોબતથી બાલકૃષ્ણના અંતરમાં પડેલાં કવિત્વના બીજ અંકુર પામ્યાં. કાવ્યપંક્તિઓ સાહજિક જ સર્જાવા માંડી. પીંગળ કે કાવ્યરચનાના શાસ્ત્રનું કોઈ જ જ્ઞાન ન હોવા છતાં એક શિક્ષકની શોકસભામાં અંગ્રેજી ત્રીજા ધોરણના આ વિદ્યાર્થીએ જ્યારે સ્વરચિત શોકાંજલિનું પઠન કર્યું ત્યારે શ્રોતાવર્ગના અંતરને ભીંજવી દીધાં હતાં.

શાંતિમિયાંની પ્રસન્નતાનો પાર નહોતો. બાળકવિને પ્રોત્સાહન આપવાની ભાવનાથી

રોજ એક કાવ્ય રચી લાવવા પ્રોત્સાહિત કર્યો અને એ માટે કાવ્ય દીઠ એક પૈસો ઈનામ આપવાની પણ વાત કરી. રોજ એક કાવ્ય લખીને માતાને મદદરૂપ થવાના વિચારે તો બાલકૃષ્ણ ખૂબ ઉત્સાહિત થઈ ગયો. શાંતિમિયાં અને સ્કૂલના અન્ય શિક્ષકોને લાગ્યું કે આ બાળક મોટો થશે ત્યારે સિદ્ધહસ્ત કવિ થશે. એના કાવ્યના ભાવ સીધેસીધા અંતરને સ્પર્શી જાય છે. માતા લલિતાદેવીને રોજ એક પૈસો મળતો થયો એટલે નાનો બાળક કોઈ ખેતરમાં મજૂરી કરતો તો નહિ હોય એની ખાતરી કરતાં જ્યારે સાચી વિગત જાણી ત્યારે એના હૈયાને પણ ટાઢક વળી.

એ જમાનામાં બાળલગ્ન સહજ હતાં. બાલકૃષ્ણનું વેવિશાળ તો પહેલાં થઈ ગયું હતું. તેર વરસનો વરરાજા કંઈ નાનો ન કહેવાય. એટલે વેવાણના ત્યાંથી લગ્ન માટે કહેણ આવવા માંડ્યું. બે જણનું માંડ પૂરું થાય છે ત્યાં ત્રીજા માણસનો ઉમેરો ને લગ્નખર્ચની ચિંતાએ લલિતાદેવીની મૂંઝવણનો પાર ન રહ્યો. બાલકૃષ્ણ મેટ્રિક પાસ થઈ જાય અને બે પૈસા લાવતો થાય ત્યાં સુધી ત્રણચાર વરસ થોભી જવા વેવાણને વાત કરી. પણ સામા પક્ષે બે દીકરીઓનાં લગ્ન એક સાથે લેવાનાં હોઈ લલિતાદેવીને નાઈલાજે તૈયાર થવું પડ્યું. બાપદાદાનું ઘર ગીરવે મૂકીને નાણાંનો પ્રબંધ કરવો પડ્યો.

બાલકૃષ્ણ વરરાજાના વેશમાં જનેતાને શોધી રહ્યા હતા. પોતાના કપાળે કુમકુમનો ચાંદલો ન હોઈ એક વિધવા મા વરરાજાની સામે ન આવી. બાલકૃષ્ણના માનસપટમાં સમાજની આ રુઢી પર મોટો થઈને પ્રહાર કરવાનું મન મનાવી લેવું પડ્યું.

તેર વર્ષનો એ તરુણ પરણી ઊતર્યો અને બીજે દિવસે જ એના વરરાજાના વાઘા ઊતરી ગયા. ખભે ભણવાનું એ જ દફતર પાછું ટિંગાઈ ગયું અને અભ્યાસ આગળ ચાલવા લાગ્યો.

વિદ્યાર્થીઓએ એક ક્રિકેટ ટીમ બનાવી પણ તેમાં જોડાવાના નાણાં પોતે આપી શકે તેમ ન હોઈ છેવટે ટીમમાં મહેનત-મજૂરીનું કામ ક્રિકેટનો સામાન ઉપાડવાનું કામ પોતે સંભાળે એ જ શરતે બાલકૃષ્ણ ક્રિકેટ ટીમમાં જોડાયો.

છ અંગ્રેજી સુધી તો બાલકૃષ્ણનો વિદ્યાભ્યાસ સારી રીતે ચાલ્યો. મેટ્રિકની ખાડી એ જમાનામાં ઈંગ્લીશ ચેનલ જેવી કઠીન ગણાતી.

બાળપણમાં બાલકૃષ્ણના બળિયા શરીરમાં જ સમાઈ ગયા હતા. એટલે સતત વાંચવાથી આંખોમાં કાળી બળતરા થવા લાગતી. મનમાં ને મનમાં બાલકૃષ્ણ ખૂબ દુઃખી થઈ જતો. વળી મા પારકાં કામ કરી, દળણાં દળી કુટુંબનું પૂરું કરતાં હતાં તે જોઈને પણ મનમાં માને મદદરૂપ થવાનું મન થતું.

એક દિવસે નત મસ્તકે બાલકૃષ્ણે માતાને જાણ કરી કે હવે તેનાથી ભણી શકાય તેમ નથી. હાથમાંનું કામ એક બાજુ મૂકી દઈ લલિતાદેવી બોલ્યાં કે બેટા એમ નાહિંમત થયે ચાલતું હશે ? આંખો ડૉક્ટરને બતાવીએ. બાલકૃષ્ણે સ્પષ્ટતા કરી કે આંખના ડૉક્ટરનું કહેવું છે કે હવે ચશ્માં પહેરવાં પડશે. ચશ્માંની વાત આવી એટલે લલિતાદેવી શાંત થઈ ગયાં. એના ખર્ચની જોગવાઈ થઈ શકે તેમ જ નહોતી. છતાં માએ ઘણું સમજાવી મેટ્રીક પાસ કરવા જણાવ્યું તો નોકરી પણ સારી મળશે પણ બાલકૃષ્ણનું મન માન્યું નહિ. એમણે અભ્યાસ બંધ કરી નોકરી શોધવાનું ચાલુ કર્યું (ક્રમશઃ)

'પ્રભુનો પ્રતિનિધિ'માંથી સાભાર ❑

## (૧૪) સંસારદષ્ટિ અને જ્ઞાનદષ્ટિ - બે જુદાં છે

રામશંકર મોનજી ભટ્ટ

બાણુ લાખ માળવો મૂકીને, ભર્તૃહરિ બાવો થયો. પછી જેવો સુખી થયો, તેવો સુખી તે પહેલાં નહોતો. વૈરાગ્યશતકમાં ૩૪મા શ્લોકમાં ભર્તૃહરિએ જે કહ્યું છે તેનો અર્થ છે કે :-

'ભોગમાં રોગનો ભય, કુલીનતામાં લાંછનનો ભય, ધનમાં રાજાનો ભય, મૌનમાં દૈન્યનો ભય, બળમાં શત્રુનો ભય, રૂપમાં ઘડપણનો ભય, શાસ્ત્રમાં વાદનો ભય, ગુણમાં ખળ પુરૂષોનો ભય અને આ શરીરને કાળનો ભયછે. આ રીતે જગતમાં સઘળી વસ્તુ માટે માણસને ભય રાખવો પડે છે. માત્ર વૈરાગ્ય જ નિર્ભય છે.'

વૈરાગ્ય એટલે ત્યજી દેવું. ત્યજી દેવું એકદમ બને એવું નથી. માટે સામાને સગવડ કરી આપતાં, કાંઈ ઘસારો ખાવો પડે તો તે રાજીખુશીથી ખાઈ લેવો. કોઈની પાસેથી લેવાનો વિચાર ન થાય તે પણ ત્યાગ છે. એકદમ ત્યાગ ન થઈ શકે, માટે પૂનમ, અમાસ, કોઈ પર્વણી, કોઈ 'નિમિત્ત', એમ તકનો લાભ લઈને, થોડું થોડું આપતાં રહેવું તે પણ ત્યાગ છે.

બહેન, દીકરી કે ભાણેજરુને, સમયે સમયે કાંઈ કાંઈ આપવું તે પણ ત્યાગ છે. પાડોશમાં અથવા કુટુંબમાં કોઈ વૃદ્ધ હોય, વિધવા હોય, રૂડા મિત્રો હોય, સંબંધી હોય, તેમને પણ કાંઈ કાંઈ આપવું તે ત્યાગ છે.

ગુરુ, બ્રાહ્મણ કે સાધુ પાસે જવું ત્યારે જરૂર કંઈક સાથે લઈ જવું. છેવટે પાઈના પુષ્પો. પણ ખાલી હાથે ન જવું.

દૂરથી માતાપિતા પાસે આવતા હો, ત્યારે પણ- 'લ્યો બા ! આ તમારે માટે લાવ્યો છું.' એમ પ્રેમથી અને દીનતાથી કહેતાં શીખવું તે પણ ત્યાગ છે.

**સંસારદષ્ટિ અને જ્ઞાનદષ્ટિ - બે જુદાં છે. સંસારદષ્ટિએ, જે લેવા શીખે તે મરદ છે, અને જ્ઞાનદષ્ટિએ જે આપવા શીખે તે મરદ છે.** કોઈ કહે કે- 'ગરીબ બાપડાં શું આપે ?' તેના જવાબમાં રતિદેવ, સજનો કસાઈ, રાંકા બાંકા, શવરી વિગેરે અનેક નિર્ધનો પણ, પોતા પાસે જે કાંઈ હતું, તે અન્યની સેવામાં હાજર રાખતા હતા.

છાણનો ઢગલો લીંપ્યો ગૂંપ્યો સારો રહે, તેમ ધનનો ઢગલો, વાપરે સારો રહે, જે વાપરવા શીખતા નથી, તે ભોરિંગ થાય છે. ભોરિંગના અવતારમાં પણ, ધનના ઢગલાને ઢાંકીને બેસે છે અને કોઈ પાસે આવે તો 'રખે તે લઈ જશે' એવા ભયથી ફૂંફાડા મારે છે.

ભોજા ભક્ત જેવા અનેક સંતો, જીવને ચાબખા મારીને કહે છે કે :-

*'મૂરખો રળી રળી કમાણો*
*ને માથે મેલશે 'મોટો પાણો''*

પ્રભુ કહે છે કે, एषः धर्मः नृणां क्षेमः -
આ તજવાની રીત- આ આપવાની રીત- મમતાને ઢીલી પાડવાની આ રીત- મનુષ્યોનો કલ્યાણકારી ધર્મ છે. વળી આ ધર્મ शोकमोहभयापवहः - શોક, મોહ અને ભયનો નાશ કરે છે.

સંસારીઓ કહે છે કે આપીએ કેમ ? એમ કાંઈ રેલમાં પડ્યું છે, તે આપી દઈએ ? વિવેક વિના આપવાની ના છે, પણ તક મળે અને વિવેક સચવાતો હોય, તો તક ચૂકવાની ના છે.

સત્સંગ આપતાં શીખવે અને કુસંગ લેતાં શીખવે. અનાદિકાળનાં કુસંગીઓને, આપવાનો બોધ કરવો નહીં કારણ કે તે ધૂળ ઉપર લીંપણ છે.

મોક્ષપત્રિકા, શ્રીમદ્ ભાગવત - એકાદશસ્કંધ અધ્યાય-૨૧, પૃ. ૨૧૪૭ ❑



મારા ગુરુમહારાજની શક્તિથી અને તેમના આશીર્વાદથી અને ભગવાનની કૃપાથી એટલું તો ચોક્કસ કહી શકું છું કે જે જીવ મારી સાથે રાગ કરશે, મોહ કરશે, પ્રેમ કરશે તે જીવની ઉચ્ચગતિ થવાની છે.

આટલી વાતની મને ખબર છે.

- શ્રીમોટા

*'સમય સાથે સમાધાન', ત્રીજી આ., પૃ. ૫૫*

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



પ્રાણીમાત્રના શરીરમાં એક તત્ત્વ છે, જેના વડે આપણે હાલીએ- ચાલીએ છીએ અને બહુવિધ વ્યવહાર પણ કરીએ છીએ.
તે તત્ત્વને આપણે આત્મતત્ત્વ કહીએ છીએ.
આત્મતત્ત્વના પૃથક્ થવાથી શરીર નિષ્ક્રિય, નિશ્ચેષ્ટ અને જડ થઈ જાય છે.
આપણે જેમ શરીરનો સ્વીકાર કરીને તેનું પાલનપોષણ કરીએ છીએ, તેમ આત્માનું અસ્તિત્વ સ્વીકારીને આત્માને પણ સંસ્કારી આત્મા બનાવવો જોઈએ.

- સ્વામી શ્રીસદાશિવ

*'જીવન વિજ્ઞાન', બી. આ., પૃ. ૩૧*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com